॥ ૐ શ્રી સંતરામ લક્ષ્મણદેવ ॥

# પરિણય




: સંપાદન :

**શ્રી જયંતિભાઈ ગો. જોષી, પ્રા.હસિત હ. મહેતા**

**-: પ્રકાશક :-**

**શ્રી સંતરામ મંદિર, નડિયાદ-૩૮૭ ૦૦૧.**

## અનુક્રમણિકા


૧. લગ્નવિધિ : એક સમજ : શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી :...............પૃ. ૦૫
૨. સાત પગલાંથી મૈત્રી સાધતી સપ્તપદી : શ્રી હરિભાઈ કોઠારી.....પૃ. ૧૨
૩. લગ્ન : એક આદર્શયુગ્મ ભાવના : પૂ. મોટા..................પૃ. ૧૫
૪. વિવાહસંસ્થા : પ.પૂ. શ્રી પાડુંરંગ આઠવલે...................પૃ. ૨૦
૫. નવું સાહસ : ફાધર વાલેસ...................................પૃ. ૨૫
૬. પત્નીનું સ્વમાન જાળવજો : શ્રી ભૂપત વડોદરિયા..............પૃ. ૨૯
૭. એક પત્ની વ્રત : શ્રી ભૂપત વડોદરિયા.......................પૃ. ૩૨
૮. ઘર એ જ તપોવન : પૂ. ડોંગરેજી મહારાજ....................પૃ. ૩૬
૯. 'લગ્નજીવનમાં એકમેકને જીતવાનો માર્ગ'.......................પૃ. ૩૮
૧૦. કન્યાવિદાય : અભિજ્ઞાન શાકુંતલમ્.........................પૃ. ૪૩
૧૧. પ્રેમતત્ત્વ..................................................પૃ. ૪૭
૧૨. "લગ્ન વિશે : હસતાં-હસતાં" : .............................પૃ. ૪૮



**પ્રકાશક** : શ્રી સંતરામ મંદિર, નડિયાદ-૩૮૭ ૦૦૧.

**પ્રકાશન** : અષાઢ સુદ પૂનમ, સંવત. ૨૦૫૮ (ગુરૂપૂર્ણિમા)

**સંપાદન** : શ્રી જયંતિભાઈ ગો. જોષી, પ્રા.હસિત હ. મહેતા

**પ્રત** : પ્રથમ આવૃત્તિ ૫૦૦૦ (૧૯૯૫)
દ્વિતીય આવૃત્તિ ૫૦૦૦ (૧૯૯૮)
તૃતીય આવૃત્તિ ૫૦૦૦ (૨૦૦૨)

**મૂલ્ય** : સ્વસ્થ લગ્નજીવન માટેના પ્રયત્નો.

**આવરણ** : જીવણભાઈ વડોદરિયા, "મલ્ટીસ્કેન ગ્રાફિક લિ."
મહાકાન્ત બિલ્ડિંગ, વા.સા. હોસ્પિટલ સામે, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૬૫૮ ૬૫૩૫, ૬૫૭ ૯૧૦૮.

**મુદ્રક** : શાર્પ પ્રિન્ટ
"પરિશ્રમ", ઈપ્કોવાળા ટ્રસ્ટ બિલ્ડિંગ, પેટલાદ રોડ,
નડિયાદ-૩૮૭ ૦૦૧. ફેક્સ : ૨૮૬૮૮.
ફોન : (૦૨૬૮) ૨૦૨૫૫, ૨૦૭૦૯, ૨૫૦૫૫.

॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે. ॥

# શ્રી સંતરામ સમાધિસ્થાન
## નડિયાદ-૩૮૭ ૦૦૧.

### મંગલ આશિષ

ભારતીય ધર્મમાં ષોડશસંસ્કારમાં લગ્નને એક પવિત્ર સંસ્કાર ગણ્યો છે. આ સંસ્કાર પછી સ્ત્રી-પુરુષ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે અને ગૃહસ્થાશ્રમને ધન્ય બનાવે છે. લગ્નજીવનમાં સ્ત્રી-પુરુષના એકત્વની ભાવના, આત્મીયતા એટલી ગાઢ હોય છે કે બન્ને બીજા જન્મમાં પણ પરસ્પરને પ્રાપ્ત કરવા ઈચ્છે છે. આપણે ત્યાં વર-કન્યાને શિવ-પાર્વતી, વશિષ્ઠ-અરુંધતી, રામ-સીતા, સત્યવાન-સાવિત્રીના આદર્શની યાદ અપાય છે. લગ્નમાં વર-કન્યાને ધ્રુવનો તારો દેખાડવામાં આવે છે. ધ્રુવના તારાની જેમ લગ્નગ્રંથિથી જોડાનાર યુગલ અચળ અને અડગ જીવનમાં રહે તેવી ભાવના તેમાં છે.

લગ્ન એ એક એવું બંધન છે કે તે પરસ્પરે કોઈપણ પ્રકારના ભોગે નિભાવવાનું હોય છે. લગ્નજીવનમાં મતભેદ, મનભેદ, સમસ્યા, સંઘર્ષ, અથડામણ, તિરાડ પડવાની. આવા સમયે સૂઝ, સમજ, કુશળતાથી જીવનનાવ હંકારવાથી સંસાર સાગર પાર કરી જવાય છે. લગ્ન એ સુખ, શાંતિ, સંતોષની પ્રાપ્તિ માટે થાય છે. લગ્નમાં સપ્તપદીની વિધિ પતિ-પત્ની જીવનમાં પવિત્ર મૈત્રી-પૂર્ણ સંબંધથી જીવે તે માટે છે. લગ્ન દ્વારા કુટુંબ, પરિવાર, સમાજ, રાષ્ટ્રનું કલ્યાણ થાય તેવું યોગદાન બન્નેએ કરવું જોઈએ.

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતિની અસીમકૃપાએ નવદંપતીનું જીવન ધન્ય, મંગલમય બનો એવા મંગલ આશિષ.

નારાયણદાસ મહારાજ
મહંત : શ્રી સંતરામ મંદિર, નડિયાદ.

**सखा सप्तपदी भव ।**
તું સાતમું પગલું ભરીને મારી મિત્ર થા.

**ऋतुभ्यः षट्पदी भव ।**
તું છઠ્ઠું પગલું ઋતુઓને માટે ભર.

**प्रजाभ्यः पंचपदी भव ।**
તું પાંચમું પગલું સંતતિઓને માટે ભર.

**मायोभव्याय चतुस्पदी भव ।**
તું ચોથું પગલું સુખચેનને માટે ભર.

**रायस्पोषाय त्रिपदी भव ।**
તું ત્રીજું પગલું સંપત્તિને માટે ભર.

**ऊर्जे द्विपदी भव ।**
તું બીજું પગલું બળને માટે ભર.

**ईष एकपदी भव ।**
તું પહેલું પગલું અન્નને માટે ભર.

# લગ્ન વિધિ : એક સમજ

*- શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી*

હિન્દુ સમાજે હજારો વર્ષના ઈતિહાસમાં વિશિષ્ટ અને શ્રેષ્ઠ એવી અનેક સામાજિક પદ્ધતિઓ વિકસાવી છે. વિવાહ કે લગ્ન દુનિયાના દરેક સમાજમાં થાય છે જ, પરંતુ હિન્દુસમાજ જીવનમાં વિવાહનું વિશેષ મહત્ત્વ છે. પશ્ચિમની સમાજવ્યવસ્થામાં વ્યક્તિના જીવનમાં બ્રહ્મચર્યને જ વિશેષ મહત્ત્વ અપાયું છે અને ગૃહસ્થી જીવનને ઊતરતું મહત્ત્વ અપાયું છે, જ્યારે હિન્દુસમાજ વ્યવસ્થામાં જીવનના ચાર આશ્રમ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યસ્તાશ્રમમાં ગૃહસ્થાશ્રમને વિશેષ મહત્ત્વ અપાયું છે. **'ना विष्णुः पृथिवीपतिः'** ગૃહસ્થ વિષ્ણુનો પ્રતિનિધિ છે, બાકીના બધા આશ્રમો ગૃહસ્થાશ્રમ ઉપર જ નિર્ભર છે. ગૃહસ્થાશ્રમનો આધાર છે લગ્ન અથવા વિવાહ.

યુરોપની સમાજવ્યવસ્થા 'Contract Theory' 'કોન્ટ્રેક્ટ થિયરી' ઉપર રચાયેલી છે. જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે કોન્ટ્રેક્ટ કરે છે, જેમાંથી સમાજની રચના થાય છે. પશ્ચિમમાં લગ્ન પણ કોન્ટ્રેક્ટ છે. કોન્ટ્રેક્ટમાં મારે મકાન બનાવવું છે તો હું ઈજનેર સાથે કોન્ટ્રેક્ટ કરું છું. ઈજનેર મને સારું કામ ન કરી આપે તો હું કોન્ટ્રેક્ટ કેન્સલ કરી ઈજનેર બદલું છું. આ છે કોન્ટ્રેક્ટનો સિદ્ધાંત. પશ્ચિમની વ્યવસ્થામાં લગ્ન એ કોન્ટ્રેક્ટ હોવાથી પતિને પત્ની ન ગમે તો એને છૂટી કરી બીજી સ્ત્રીને પત્ની બનાવી શકે છે, અર્થાત્ લગ્ન એ પશ્ચિમમાં કોન્ટ્રેક્ટ છે, બંધન નથી.

હિન્દુસમાજવ્યવસ્થામાં લગ્ન બંધન છે, લગ્ન કર્તવ્ય છે, લગ્ન ધર્મ છે, લગ્નનો હેતુ માત્ર ઉપભોગ કે આનંદપ્રમોદ નથી, પરંતુ સમાજનાં ધારણા, વિકાસ અને સામર્થ્યની વ્યવસ્થા છે. પ્રજોત્પત્તિ દ્વારા સમાજ ટકાવવાની વ્યવસ્થા છે. લગ્ન એ કર્તવ્ય હોવાથી પતિનું કર્તવ્ય છે કે પત્નીનાં ભરણપોષણ, રક્ષણ અને સન્માન કરે. પત્નીનું કર્તવ્ય છે કે પતિની સેવા અને બાળઉછેર કરે. જ્યારે કર્તવ્ય આવે છે ત્યારે સામી વ્યક્તિ કર્તવ્ય અદા





ન કરે તોપણ પોતે કર્તવ્ય અદા કરવાનું એમ ધર્મ સૂચવે છે. પતિ કદાચ યોગ્ય વ્યવહાર ન કરે તોપણ પત્ની કર્તવ્ય બજાવશે અને કદાચ પત્ની યોગ્ય વ્યવહાર ન કરે. તોપણ પતિ કર્તવ્ય બજાવશે, કોન્ટ્રેક્ટની જેમ વ્યવસ્થા તૂટી પડશે નહિ.

### હસ્તમેળાપ-પાણિગ્રહણ

પાણિગ્રહણ એટલે હસ્તમેળાપ. હસ્તમેળાપ સમયે વર પ્રતિજ્ઞા કરે છે કે "હું તારા હાથનો સ્વીકાર કરું છું. વૃદ્ધાવસ્થા સુધી-આજીવન તું મારી જીવનસાથી થા. ભગ, અર્યમા, સૂર્ય અને પૂષા-આ વૈદિક યુગના બધા દેવોએ મારા ગૃહસ્થાશ્રમ માટે મને આપી છે. હું તારું અતિક્રમણ નહિ કરું."

### હોમ અગ્નિ-ઉપાસના

ભારતીય સંસ્કૃતિમાં અગ્નિનું મહત્ત્વ છે, જીવનમાં સંસ્કારકર્મમાં આથી અગ્નિ-ઉપાસના જોવા મળે છે. એ રીતે લગ્નવિધિમાં પણ આ અગ્નિ-ઉપાસના આપણે જોઈએ છીએ, જેને સામાન્ય ભાષામાં અગ્નિમાં હોમ કરવો એમ કહેવામાં આવે છે.

લગ્નવિધિનો અગ્નિ, જેની ઉપાસના દંપતી કરે છે તેનું વિશિષ્ટ નામ છે. એનું નામ "યોજક" છે, જે જીવનનું સંયોજન કરે છે. બે જીવનમાં સંયોજકનું કામ કરે છે. આ વિધિમાં જે હોમ કરવાનો હોય છે તે આ પ્રમાણે છે : વિવાહ હોમ, રાષ્ટ્રભૃત્ હોમ, જયાં હોમ, અભ્યાતાન હોમ, પંચક હોમ અને લાજા હોમ છે.

***વિવાહ હોમ :*** સૌ પ્રથમ પ્રાયશ્ચિત્તની આઠ આહુતિનો હોમ કરવામાં આવે છે, જેથી દંપતીને શુચિતા-પવિત્રતા પ્રાપ્ત થાય અને અગ્નિકર્મનો અધિકાર મળે.

**રાષ્ટ્રભૃત્ હોમ :** આ હોમમાં અગ્નિમાં ૧૨ આહુતિ હોમવામાં આવે છે.

આ હોમ દંપતી દ્વારા રાષ્ટ્રનું પોષણ થાય એવી ભાવના સૂચવે છે. વરવધૂ હવે નિજ જીવનનો આનંદ માણતાં માણતાં સમાજોપયોગી-રાષ્ટ્રોપયોગી કાર્યો કરવાની ભાવના વ્યક્ત કરે છે. દંપતી રાષ્ટ્રની તન-

મન-ધનથી સેવા કરે, પોતાના સ્વત્વનું વિલોપન કરી, રાષ્ટ્રમાં એકરાર થઈ જઈ વ્યક્તિમાંથી સમષ્ટિમાર્ગનો સ્વીકાર કરવાની આશા સેવે છે. આવી સુમંગલ ભાવનાથી રાષ્ટ્રભૃત્ હોમ કરવામાં આવે છે. આ હોમથી પુરુષમાં કોઈ દોષ હોય તો એ દૂર થઈ પુરુષત્વ પ્રાપ્ત થાય છે, એમ સૂત્રભાષ્યકાર મહીધર જણાવે છે.

**જ્યાં હોમ :** આ હોમમાં અગ્નિમાં ૧૩ આહુતિઓ હોમવામાં આવે છે. આ હોમથી ચેતના-જ્ઞાન આદિ શક્તિઓ પ્રાપ્ત થાય છે. પોતાના જીવનસંગ્રામમાં વિજય અને ઉન્નતિ માટે આ હોમ કરવામાં આવે છે. આ હોમથી જગતમાં આવનારી સમસ્યાઓ ઉકેલવા પરાક્રમનો ઉદય, યશ અને વિજય પ્રાપ્ત થાય છે એમ આ હોમના મન્ત્રભાષ્યકાર ગદાધર પંડિત જણાવે છે.

**અભ્યાતાન હોમ :** આ હોમમાં અગ્નિમાં ૧૮ આહુતિઓ હોમવામાં આવે છે. દંપતીને જીવનવિકાસનાં કાર્યોમાં નવી નવી આવશ્યક્તાઓ ઊભી થશે ત્યારે આ હોમથી પ્રસન્ન થયેલા દેવતાઓ મદદ કરશે એવી ભાવના અહીં વ્યક્ત થયેલી છે. આ હોમથી દંપતીમાં અવિચ્છિન્ન પ્રીતિનો ઉદય થાય છે, વિયોગ થતો નથી અને સારી પ્રજા પ્રાપ્ત થાય છે એવો સૂત્રભાષ્યકારોનો હરિહર તેમજ ગદાધરનો મત છે. શ્રેષ્ઠ બનવા માટે સર્વોત્તમ બનવા માટે આ હોમમાં પ્રાર્થના કરવામાં આવી છે.

**પંચક હોમ :** આ હોમમાં અગ્નિમાં પાંચ આહુતિઓ હોમવામાં આવે છે. ત્રણ આહુતિઓથી અગ્નિની આરાધના કરવામાં આવે છે. જીવનમાં મૃત્યુનો ભય દરેકને છે; આ હોમમાં ચોથી આહુતિ વૈવસ્વત-યમને આપવમાં આવે છે. આમ આહુતિઓમાં વ્યક્ત થતી ભાવનાનું નિદર્શન પામીએ તો પ્રથમ મૃત્યુપાશથી મુક્તિ, દ્વિતીયમાં ગૃહસ્થજીવનની રક્ષા, તૃતીયમાં આનંદના ઉપભોગ માટેના પદાર્થોની અભીપ્સા, ચતુર્થમાં યમની પ્રાર્થના અને પાંચમામાં મૃત્યુની ભયંકરતામાંથી મુક્તિ-અજરામરતા જોવા મળે છે. આમ દંપતી ભયમુક્ત બને છે.





***લાજા હોમ :*** આ હોમમાં જે આહુતિ આપવાની હોય છે તે કન્યા આપે છે. ડાંગરને સંસ્કૃતમાં 'લાજા' કહે છે અને તેથી નવા ધાન્યની પ્રાપ્તિ માટે-નવા સંસારમાં અભ્યુદય માટે આ વિધિમાં અન્નની મહત્તા સ્વીકારી એ હોમ કરે એવો વિધિ સૂચવવામાં આવ્યો છે.

આ હોમ વિવાહવિધિમાં અત્યંત મહત્ત્વનો છે. મંગળફેરાના વિધિના નામે ઓળખાતો આ પ્રસંગ વર-કન્યા અને કન્યાના ભાઈ તેમજ પુરોહિતની સાક્ષીમાં સંપન્ન થાય છે.

કન્યા આ વિધિમાં પ્રથમ મંત્રમાં પોતાને પતિગૃહે જવાની ભાગ્યના દેવ આજ્ઞા આપે એવી પ્રાર્થના કરે છે. બીજા મંત્રમાં પતિના દીર્ઘજીવન માટેની પ્રાર્થના અને ત્રીજા મંત્રમાં આ સંવનન વિધિનું અનુમોદન માગે છે તથા પરિવારની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે.

કન્યાની આ પ્રાર્થના પછી, વર જે ભાવના વ્યક્ત કરે છે તે મંત્રોનો ભાવ આ પ્રમાણે છે : પ્રથમ મંત્રમાં એ કહે છે કે "હે વધૂ સૌભાગ્ય માટે તને હું સ્વીકારું છું. તું મારી સાથે જીવનભર આનંદ કર. ભગ, અર્યમા, સવિતા અને પુરંધ્રિ દેવતાઓએ ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો માટે મને સોંપી છે."

બીજા મંત્રમાં દંપતીનું અભેદત્વ બતાવ્યું છે કે "હે વધૂ! હું વિષ્ણુસ્વરૂપ અને તું લક્ષ્મીસ્વરૂપ છે. હું અને તું દેખાતાં જુદાં હોવા છતાં એક છીએ. હું સામ છું અને તું મારી ઋચા છે. હું આકાશ અને તું પૃથ્વી છે." આ કલ્પના ખૂબ જ પ્રભાવક છે.

ત્રીજા મંત્રમાં "આપણે વિવાહ કરીએ, સાથે જ આનંદ ભોગવીએ; વંશવૃદ્ધિ માટે પ્રજા ઉત્પન્ન કરીએ અને અનેક પુત્રોને પ્રાપ્ત કરીએ.

ચોથા મંત્રમાં "પુત્રો પૂર્ણ આયુષ્યવાળા થાય, આપણે પરસ્પર પ્રેમથી સુંદર અને પ્રસન્ન ચિત્ત રહીએ, પુત્ર પૌત્રયુક્ત દીર્ઘજીવન સુખપૂર્વક જીવીએ."

આમ આ વિધિમાં ગૃહસ્થજીવનનો મહિમા જોવા મળે છે.

## અશ્મારોહણ

અહીં આ વિધિમાં પથ્થરનો સ્પર્શ કરવાનો હોય છે. મંગલફેરા વખતે મંડપમાં ઈશાન ખૂણે રાખવામાં આવેલ એક પથ્થરને સ્પર્શ કરવાનો

અર્થ એ છે કે જેમ પથ્થર સ્થિર છે, અડગ છે, તેમ સહજીવનમાં પ્રવેશતી વધૂ અવિચલ બને, અડગ રહે, દાંપત્યજીવનમાં અત્યંત સ્થિરતાનો અનુભવ કરે. આ દંપતીને સંસારની દુષ્ટતા-દુર્જન દોલાયમાન કરી શકે નહિ. દુઃખમાં પણ એમના પગ ડગમગે નહિ, છૂટા પડવાનું સ્વપ્નુંય આવે નહિ. આમ આ પથ્થર શત્રુદમનનું પણ પ્રતીક છે. વધૂના પતિવ્રતની સ્થિરતા એ સૂચવે છે. અશ્મારોહણ-સમયના વિધિની ભાવના પણ એ જ છે કે પથ્થરની સમાન દૃઢ રહી, શત્રુઓને-આ સંસારની દુષ્ટતાને પગથી કચડી નાખવા જોઈએ. હિન્દુ સંસ્કૃતિની આ વિશિષ્ટ દેણગી છે, જેમાં દ્વૈતમાંથી અદ્વૈતની ભૂમિકા સર્જાય છે, અભેદનું દર્શન થાય છે. ભેદભાવ દૂર કરવાનું આ સચોટ પ્રતીક છે.

### મંગલફેરા

લાજાહોમ સમયે અગ્નિ સમક્ષ કરાતી ચાર પ્રદક્ષિણાઓને 'મંગલ ફેરા' કહેવામાં આવે છે. આ વિધિ ખૂબ મહત્ત્વની છે. લાજાહોમમાં એની કેટલીક સમજ આપેલી છે. આ ચાર પ્રદક્ષિણાઓ પૈકી ત્રણમાં વધૂ આગળ અને વર પાછળ રહે છે, જ્યારે ચોથી પ્રદક્ષિણામાં વર આગળ અને વધૂ પાછળ રહે છે. વરે લગ્નજીવનના મોટા ભાગની અવસ્થામાં શુભવૃત્તિવાળી સૌજન્યશીલ સુશીલ પત્નીનું અનુસરણ કરવાનું છે એટલે પત્ની આગળ હોય છે, જ્યારે છેલ્લી પ્રદક્ષિણામાં વર આગળ હોય છે, કારણ, જીવનના ઉત્તરાર્ધમાં વધૂના વાર્ધક્યમાં એનું સમ્પૂર્ણ ઉત્તરદાયિત્વ પતિએ સ્વીકારવાનું છે.

આ મંગળ ફેરાનું તાત્પર્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પણ હોઈ શકે, ગૃહસ્થજીવનમાં ચારે પુરુષાર્થ પતિએ પત્નીની સાથે રહીને સિદ્ધ કરવાના છે.

***ધર્મ :*** પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં પત્નીને સાથે રાખી ધર્માનુસરણ કરવાનું હોય છે. યજ્ઞાનુષ્ઠાનમાં પણ પત્ની અનિવાર્ય છે. માટે તો એને સહધર્મચારિણી, ધર્મપત્ની કહી છે. આ અગ્નિ સમક્ષની પ્રથમ મંગલ પ્રદક્ષિણા છે.

***અર્થ :*** ધર્મમૂલક ઉપાર્જિત કરેલા ધનના સંગ્રહ અને વ્યય માટે મનુમહારાજે પહેલેથી જ સ્ત્રીને નિયુક્ત કરી છે, માટે તો પત્નીને મંત્રી તરીકે માની છે,





પત્નીએ જીવનનિર્વાહ માટે વિવેકપૂર્વક ધનનો ઉપભોગ કરી શેષ ધનનો રાષ્ટ્ર, સમાજ, સંસ્કૃતિ અને ધર્મ માટે વિનિયોગ કરવાનો છે. અગ્નિની સાક્ષીએ આ બીજુ મંગલ છે.

**કામ :** સંસારમાં રહી, સાંસારિક ફરજોનું પાલન કરી સકામ અને નિષ્કામ કર્તવ્યોનું ધર્મ અને સંસ્કૃતિને અનુરૂપ ઋષિઓએ આચરેલી પરંપરા અનુસાર ગાર્હસ્થ્યજીવન સફળ રીતે જીવી જવાનું આ છે ત્રીજું મંગલ.

**મોક્ષ :** હવે જ્યારે મોક્ષની વાત આવે છે ત્યારે પુરુષના માર્ગદર્શનની જરૂર રહે છે, માટે જ આ ચોથા મંગલમાં વર આગળ અને વધૂ પાછળ રહે છે.

અગ્નિ અને સ્વજનોની સાક્ષીએ ચાર મંગલફેરા ફરી, બે આત્માઓનું આત્મ્યૈક્ય સાધી દ્વૈતમાંથી અદ્વૈત બનાવવાની આ વિધિ છે. હિન્દુ લગ્નસંસ્કારની આ ઉદાત્તતમ વિશેષતા છે. પત્નીને સાંસારિક વાસનાઓથી મુક્ત કરી, ઈશ્વરાભિમુખ બનાવી મોક્ષમાર્ગ બતાવવાનો આ પ્રયાસ છે.

### "સપ્તપદી"

સપ્તપદીમાં વર પ્રથમ પગલે અન્ન કે ઈચ્છાઓની પૂર્તિ માટે, બીજે પગલે શક્તિસંચય માટે, ત્રીજે ગૃહસ્થાશ્રમમાં ધન અને સુખસંપત્તિ માટે, ચોથે પગલે બન્નેની પૂર્ણ એકાત્મતા અથવા મૈત્રી માટે, પાંચમે પશુધનની પ્રાપ્તિ માટે, છઠ્ઠે દરેક ઋતુમાં સુખપ્રાપ્તિ માટે અને સાતમે સાહચર્ય સદાય પ્રાપ્ત થાય એ માટે પ્રાર્થના કરવામાં આવે છે.

પતિ-પત્નીનાં મન-વચન-કર્મ એક બને એમાં જ દાંપત્યજીવનનું સાર્થક્ય રહ્યું છે.

વિચારૈક્ય આચારૈક્ય અને આત્મૈક્ય એ જ ગૃહસ્થાશ્રમનો પ્રાણ છે.

હિન્દુવિવાહમાં-લગ્નવિધિમાં સપ્તપદીનો વિધિ અત્યંત મહત્ત્વનો છે. આ વિધિ પહેલાં કદાચ લગ્ન (ફોક થઈ શકે) રોકી શકાય, પરંતુ સપ્તપદી પછી વિવાહ-લગ્ન વજ્રલેપ બની જાય છે. આ વિધિ ખૂબ જ સાવધાનીપૂર્વક કરવામાં (આવતો હતો) આવે છે. સ્વજનો આ વિધિને

ગંભીરતાપૂર્વક જુએ છે. મનુસ્મૃતિ સપ્તપદીની ગંભીરતા વર્ણવતાં જણાવે છે કે "વિવાહ-લગ્ન પ્રસંગે સપ્તપદીમાં સાતમું પગલું પૂરું થતાં કન્યાનું ગોત્ર બદલાઈને પતિનું ગોત્ર એનું ગોત્ર બને છે અને હવે પછી એ કાયદેસરની પત્ની બની જાય છે.

આ વિશે યાજ્ઞવલ્કયે પણ કહ્યું છે કે "જળથી કે વાણીથી વર કન્યાનો પતિ બની શકતો નથી, પણ જ્યાં સપ્તપદીનું સાતમું પગલું ભર્યું કે તરત જ એ કાયદેસરનો પતિ બની જાય છે.

**सप्तपदीविधि :**

૧. ॐ **एकमिषे विष्णुस्त्वानयतु** અહીં વિષ્ણુ તને અન્ન માટે લઈ આવો.

૨. ॐ **द्वे ऊर्जे विष्णुस्त्वानयतु** । અહીં વિષ્ણુ તને બળ માટે લઈ આવો.

૩. ॐ **त्रीणि रायस्पोषाय विष्णुस्त्वानयतु** । અહીં વિષ્ણુ તને ધનવૃદ્ધિ માટે લઈ આવો.

૪. ॐ **चत्वारि मायोभवाय विष्णुस्त्वानयतु** । અહીં વિષ્ણુ તને સુખસંપત્તિ માટે લઈ આવો.

૫. ॐ **पञ्च पशुभ्यो विष्णुस्त्वानयतु** । અહીં વિષ્ણુ તને પશુઓની પ્રાપ્તિ માટે લઈ આવો.

૬. ॐ **षड् ऋतुभ्यो विष्णुस्त्वानयतु** । અહીં વિષ્ણુ તને સર્વ ઋતુઓના સુખ માટે લઈ આવો.

૭. ॐ **सखे सप्तपदा भव । सा मामनुवता भव** । હે સખી, સાતેય લોકમાં તારો પગ રહે. તું સાતમા પગલે મારી થા. વ્યાપક પ્રતિભાસંપન્ન બનીને મને સદા અનુસરતી રહે.

> તમારા બંન્ને વચ્ચે સદ્ભાવનાના વાયુને વિહરવા દેજો.
> **- *ખલીલ જિબ્રાન.***

***પરસ્પરનો વિશ્વાસ દામ્પત્યજીવનનો માણેકસ્થંભ છે.***

# સાત પગલાંથી મૈત્રી સાધતી સપ્તપદી

***- શ્રી હરિભાઈ કોઠારી***

લગ્ન એ માનવજીવનની એક એવી નિશ્ચિત ક્રિયા બની ગઈ છે કે લગ્નનો અર્થ ન સમજનાર મનુષ્યના પણ લગ્ન તો થઈ જ જાય છે.

***"છે લગ્ન શું એ લગ્ન કરનારા ભલે ના જાણતાં
જાણ્યે-અજાણ્યે માનવો સૌ લગ્ન તો કરી નાખતા!"***

બહુ મોટા ભાગના લોકો લગ્ન તરફ ઉપરછલ્લી નજરે જોતાં હોય છે. લગ્નમાં એ લોકો બહિરંગને આંતર્સંસ્કારો કરતાં અધિક મહત્ત્વ આપતા હોય છે. આવાં લગ્નોમાં મોહ, પ્રેમનો અંચળો ઓઢીને ફરતો દેખાય છે. દિલ કરતાં દૃષ્ટિને અહીં વધુ પ્રાધાન્ય અપાય છે. 'I Love You, I Love You' ની લવલવ સતત એમના જીવનમાં ચાલતી હોય છે.

***"પડતા વળી કો' માનવો તો પ્રથમ નજરે પ્રેમમાં;
દૃષ્ટિ બને કર્તા ત્યહાં, ના કોઈ દિલને પૂછતા!"***

લગ્ન કરવાને માટે તે જ માણસ લાયક છે કે જેનામાં પ્રેમ કરવાની તાકાત છે. પ્રેમનું બીજું નામ છે સહનશીલતા. એકબીજાના ગુણદોષને સહી લેવાની વૃત્તિ જ સફળ લગ્નની સર્જક બને છે. 'With all thy faults I Love thee' એ ઉભય પક્ષનો જીવનમંત્ર હોવો જોઈએ.

***"લગ્ન સાચાં તો ગણાયે, હોય જો સાચી લગન,
બંને જણા જો હોય બસ નિજ પ્રેમસૃષ્ટિમાં મગન!"***

Life is nothing but an adujstment' જીવનમાં સુયોગ્ય રીતે ગોઠવાઈ જવાની કલા એ જ સફળ લગ્નજીવનની ચાવી છે.

જૂના કાળમાં તપોવનમાં જીવન માટેનું સુયોગ્ય શિક્ષણ લીધેલાં યુવાનો અને યુવતીઓ લગ્નને માટે લાયક ગણાતાં. પરણવા માટે તપોવનના કુલપતિની અનુજ્ઞા જરૂરી ગણાતી. શારીરિક સૌષ્ઠવ, ભાવવાહી અને પ્રતિજ્ઞાક્ષમ મન. ચિંતનશીલ પ્રજ્ઞા અને આત્મિક સદ્ગુણોનો વૈભવ

***લગ્નજીવનમાં ઉચ્ચ ધાર્મિક મૂલ્યો પ્રગટે તો લગ્ન આદર્શ સંસ્થા બને છે.***

જેમની પાસે છે એવા લોકોના લગ્ન થતાં. તપોવનમાંથી બહાર પડતો યુવાન સૂર્ય સમાન તેજસ્વી ભાસતો. જ્યારે વિપક્ષે યુવતી ઉષા જેવી રંગીન લાગતી આવાં યુવાન હૈયાંઓનું મિલન તે જ ખરાં લગ્ન.

***"દૈહિક નથી પણ લગ્ન તો આત્માતણી છે એકતા;***
***હોયે શરીર જુદાં છતાં પણ હૃદયમાંહી અભિન્નતા!"***

આવા લોકોના જીવનમાં સતત વહેતો રહેલો પ્રેમ એ એમનો ખરા અર્થમાં ધન્યો ગૃહસ્થાશ્રમ બની રહે છે.

***"સંસાર સુંદર લાગતો આનંદમાં દિવસો વીતે,***
***ધન્યો ગૃહસ્થાશ્રમ બને, પ્રભુની અમીદષ્ટિ વડે!"***

લગ્નમાં પુરુષ કરતાં સ્ત્રીનું પ્રાધાન્ય વિશેષ છે; કારણ કે સ્ત્રીઓ પોતાનું જીવન પુરુષમાં ભેળવી નાખવાનું છે. તેથી જ શાસ્ત્રકારો પણ સ્ત્રી વિવાહ નિબોધત એમ કહીને સ્ત્રીનું જ કૌતુક કરે છે. "લગ્નગૃહ ગૃહમિત્યાહુ, ગૃહિણી ગૃહમુચ્યતે" એ કથન પણ નારીજીવનનું ગૌરવ વધારનારું છે.

***'તજી રંગ, રૂપ ને રસને સરિતા સાગરે ભળતી,***
***તજી મીઠાશ પોતાની, નદી સાગર બની જાતી,***
***પરણવું એટલે સ્ત્રીનું પતિમાં છે ભળી જાવું,***
***ધરી જીવન પતિચરણે સદા એના બની રહેવું!"***

પતિ-પત્નીના જીવનમાં કોઈ મહાન ધ્યેય હોવું જોઈએ અને એ ધ્યેયવૃક્ષને બંને જણાએ સાથે મળીને જીવનવારિનું સિંચન કરવું જોઈએ. પતિના તેજની સામે ઝૂકવામાં સ્ત્રીનો આનંદ અને પત્નીને કેવળ ભોગ્ય વસ્તુ ન સમજમાં વ્યક્તિ તરીકે તેનું સન્માન કરવામાં પુરુષોની પ્રસન્નતા હોવી જોઈએ.

***"નિહાળી કાન્તાના મુખને સતીઉરમાં ચડે ભરતી,***
***સતીના સ્નેહની મૂર્તિ પતિ ઉરમાં સદા રમતી!"***





સંસારના આ બધા મધુર ભાવો જો પ્રભુ તરફ વળે તો એ સાચી ભક્તિ બની રહે. અને સામાન્ય 'Marriage' નું રૂપાંતર 'Spiritual Marriage' થઈ જાય.

એ શબ્દ પણ લગ્નજીવનમાં આવશ્યક ગુણોનું સૂચન કરે છે.

| | |
|---|---|
| M...Merging | ...આત્મસમર્પણ |
| A...Ambition | ...ધ્યેયનિષ્ઠા |
| R...Respect | ...આત્મસન્માન |
| R...Response | ...પ્રેમાળ પ્રતિસાદ |
| I...Intimacy | ...ગાઢ વિશ્વાસ |
| A...Accrecition | ...દૃઢ વિશ્વાસ |
| G...Gaiety | ...પરમ આનંદ |
| E...Eternity | ...શાશ્વત સાહચર્ય |

સામાન્ય રીતે સમાજના મોટાભાગ માટે લગ્નજીવન જ સાચું સ્વસ્થ જીવન છે. સામાન્યતઃ મોટાભાગના લોકો માટે લગ્નજીવન વધારે સ્વસ્થ ઉત્કર્ષ માટેનું સાધન ગણાય. સંવાદી જીવન માટે લગ્ન આવશ્યક છે.

**-પંડિત સુખલાલજી.**

તમારી પત્નીનાં બૌદ્ધિકજીવન, પ્રવૃત્તિઓ, પુસ્તકો, વિચારો વગેરેમાં રસ લેજો. તમારાં પત્નીને પ્રસન્ન રાખવાની એકએક તક ઝડપતાં રહેજો, તો તમારો સંસાર સ્વર્ગ બની જશે.

**- ડેલ કાર્નેગી.**

દામ્પત્યપ્રેમમાં નમ્રતા સહજ હોવી જોઈએ, સ્વમાન સ્વાભાવિક હોવું જોઈએ.

**- સોપાન.**

# લગ્ન : એક આદર્શ યુગ્મભાવના

**-પૂ. મોટા સાથેની પ્રશ્નોત્તરી**

**સ્વજન :** મોટા મનુષ્યના જીવનમાં અનેક ઘટનાઓ બન્યા જ કરે છે. એમાં એ લગ્નજીવનના પ્રવાહની વચ્ચે બનતી એક મહાન ઘટના છે. આપણાં હિન્દુ ધર્મે એનું ભારે ગૌરવ કર્યું છે. લગ્નના હાર્દ વિષે ભિન્ન ભિન્ન વિચારકોએ લખ્યું પણ છે; પણ ઉચ્ચ અને સુખી જીવન જીવવામાં લગ્ન પાછળની કઈ ભાવના સૌથી ઉપકારક નીવડે છે?

**શ્રીમોટા :** હિન્દુ ધર્મમાં રહેલી યુગ્મભાવનાનો શુદ્ધ અર્થ, એનો હેતુ, એનું મહત્ત્વ, એના યથાર્થ દષ્ટિબિંદુથી આપણો હિન્દુસમાજ ભાગ્યે જ સમજી શક્યો હશે. બે જુદા જુદા જણાતા જીવોના યુગ્મની ભાવના-અવિચ્છિન્ન જીવોનું જોડાણ અહેતુક થાય એ કદી શક્ય નથી. એ બે જીવોનો સંબંધ અનેક જન્મજન્માંતરોમાં કોઈને કોઈ રીતે ચાલુ રહ્યા કરેલો જ હોય છે. તેથી આવા સંબંધોમાં હૃદયની નિકટતા જેટલી શુદ્ધ ભાવનાથી કેળવાતી જાય તેટલા પ્રમાણમાં બન્નેના સંબંધ પણ વિશુદ્ધ થતા જવાના. આ જે કંઈ બધું નીપજતું દેખાયા કરે છે તે સંબંધને લીધે જ છે. સંબંધ વિના કાંઈ પણ થાય એ શક્ય નથી. એટલે એક વખત લગ્નથી જોડાયેલા બે જીવોનો સંબંધ કદી પણ છૂટી શકતો હોતો નથી. તે સંબંધ કોઈને કોઈ રૂપે એકબીજા સાથે રહ્યા જ કરે છે ને તે લગ્નસંબંધ પણ તે તે જીવ સાથેની તેટલા પ્રમાણની કોઈને કોઈ આમ-કે-તેમ અથડામણનું જ પરિણામ હોય છે.

**સ્વજન :** આપ તો આટલા ઉત્તરમાં ઘણી જ ગહન વાત સૂચવો છો. ‘લગ્ન’ પોતે જ જીવન માટેની એક આવશ્યક અને અનિવાર્ય ઘટના બને છે. લગ્ન એ જો કોઈ અકળ અથડામણનું પરિણામ હોય તો એવું જીવન અથડામણભર્યું જ બને ને?





**શ્રીમોટા :** આ સ્થળે જ વધારે સાવધાની રાખીને યુગ્મની ભાવનાને સમજવાની છે. કેમકે સૌથી મહત્ત્વનું જીવન છે. જગતમાં મુશ્કેલી વિના કશું પામી શકાતું હોય છે? વ્યાપારમાં કહો, રાજ્યક્ષેત્રમાં કહો, કે પછી જીવનના કોઈપણ ક્ષેત્રમાં મુશ્કેલી વિના કશું પણ પમાયું હોય એવું જણાતું જ નથી. તો પછી જીવનનું તત્ત્વ પામવાને માટે મુશ્કેલી વેઠવાનું માનવીને આકરું કેમ લાગતું હશે? જીવનો જીવ સ્વભાવ તો નીચાણમાં જવાનું સમજ્યા કરવાનો છે. જીવ-સ્વભાવને જેટલી દોરીની ઢીલ આપ્યા કરીશું તેટલી દોરી એ ખેંચ્યે જ જવાનો. જીવનના જોશમાં જેમ પતંગ દોરી ખાધા કરે છે તેમ જીવ અને સ્વભાવનું જાણવું જોઈએ; તેમ છતાં માનવીને જીવદશા પ્રાપ્ત થઈ છે તેથી અનેક અથડામણોમાં પસાર થઈને આખરે તો જીવનને ઉચ્ચ જ બનાવવાનું ધ્યેય રહેલું છે. આવા જીવન આદર્શોની સિદ્ધિ માટે યુગ્મની ભાવના એ જરૂરી ભાવના છે.

**સ્વજન :** લગ્નનો આ ભવ્ય આદર્શ સમજી તો શકાય પણ...

**શ્રીમોટા :** તમારું કહેવાનું હું સમજી શકું છું. પણ આપણાંથી જીવનમાં આવું ન બની શકે. માટે આપણે જીવ-સ્વભાવમાં તણાયા કરવું એ તો આપણી પોતાની નબળાઈ છે. એવી એ નબળાઈને નબળાઈ તરીકે જાણીને, એમાંથી આપણાથી શક્ય હોય એટલી મથામણ ઊંચે જવા માટે કરવી એ આપણો ધર્મ છે. તમે જ હમણાં કહ્યું કે, ‘આ આદર્શ તો સમજાય છે’ માટે જ કહું છું કે ભગવાને આપણને સમજ અને શક્તિ આપ્યાં હોવા છતાં વળી એ બન્ને આપણી પાસે છે એવું સમજાતા હોવા છતાં આપણે એમ કહીએ કે, ‘ના ભાઈ, આપણાથી આવું બધું થવું શક્ય નથી. એ આપણને શોભતું નથી. માનવીએ તો પ્રત્યેક પરિસ્થિતિમાં મથતાં જ રહ્યા કરવું જોઈએ. પછી ભલે તે દરેક જીવ પોતાની શક્તિ અનુસાર મંથન કરે. આવા પ્રકારનું મંથન

કરવાની વૃત્તિમાં સૌ કોઈને પ્રોત્સાહન, પ્રેરણા, બળ, હિંમત, સહાનુભૂતિ, સાથ અને હૂંફ આપ્યાં કરવાં એ સમજુ અને જ્ઞાનવાન માણસનો ધર્મ પણ છે.

**સ્વજન :** તો મોટા, આવું આદર્શ લગ્નજીવન જીવવા માટે ચીલાચાલુ જીવનરીતિનો ભોગ આપવો પડે.

***શ્રીમોટા :*** હાસ્તો, લગ્નસંબંધી આપણે સમાજના જીવન સાથે ભાગ લેતાં હોઈએ છીએ. માનવીના સંબંધોને ભાવના એ લગ્ન જીવનમાંથી કેળવાતી જતી સ્થિતિ પરથી બંધાતા જતાં હોય છે.

જુઓ ભાઈ! આપણે આ જગતમાં જે-તે કાંઈ મેળવીએ છીએ, એ જીવન આપીને જ મેળવીએ છીએ. ધન-દોલત, માન, મોભો, કીર્તિ, માલ-મિલકત, ગમે તે હોય પણ તે મેળવવા માટે જીવન આપવું પડતું જ હોય છે. પણ આપણા જીવ સ્વભાવને ગમતું હોવાથી આપણે કશો પણ ભોગ આપી રહ્યા છીએ, એવું જાગૃત ભાન આપણને રહેતું નથી. પણ સાચું અને ઉન્નત જીવન મેળવવા માટે આપણને ભોગ આપવાની સભાનતા જાગે છે, કારણ કે તેમાં આપણે જીવ-સ્વભાવથી ઊલટી ગંગાએ વહેવાનું હોય છે. પરંતુ સાચો પુરુષાર્થ તો તેમાં જ રહેલો છે.

**સ્વજન :** મોટા, આપે તો એક નક્કર હકીકતવાળી વાત કરી. જીવનમાં સુખ-શાંતિ ખાતર પણ લગ્નની ભાવનાને ચરિતાર્થ કરવા મથવું જ રહ્યું. આપણી દૃષ્ટિએ યુગ્મભાવનાનો ઉચ્ચતમ આદર્શ ક્યો છે?

***શ્રીમોટા :*** પ્રકૃતિની પાછળ સત્તાધીશ કે પ્રકૃતિનાં સર્વ કર્મ પાછળ મહોર મારનાર પરમ પુરૂષને જાણવા, સમજવા અને અનુભવવાને તેનાથી પર પણ જે કંઈ હકીકતરૂપે સત્ય રહેલું છે એવો સાક્ષાત્કાર કરવા માટે યુગ્મની ભાવના છે.





**સ્વજન :** મનુષ્યજીવનમાં સ્ત્રી-પુરૂષનું યુગ્મ છે. એમાંથી એકબીજાને કોણ દોરતું-પ્રેરતું હોય છે?

***શ્રીમોટા :*** જાણે-અજાણે સ્ત્રી પુરૂષને દોરે છે, પણ એવું જીવતું જાગતું ભાન પુરૂષને નથી. પુરૂષ તો એમ માને છે કે પોતે જ બધું ચલાવી રહ્યો છે. પણ એ યથાર્થ નથી. પુરૂષ, મા, બહેન, પત્ની કે ઉપપત્ની કે એવી અન્ય સ્ત્રીની દોરવણીથી ચાલતો હોય છે. પુરૂષના જીવનમાં સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવે છે. આમાં પુરૂષ અને સ્ત્રી એવા બન્નેના સંબંધથી જ સમગ્ર જીવન ઘડાતું હોય છે. તેવી જ રીતે પ્રત્યેક સ્ત્રીના જીવનમાં કોઈક ને કોઈક પુરૂષની પ્રતિભા કે છાયા કામ કરી રહેલી હોય છે. આ પરથી સમજી શકાશે કે આપણને જીવનમાં થતો પ્રત્યેક જીવનો સંબંધ હેતુ વિનાનો હોતો નથી. માત્ર આપણને તેનો હકીકતપણે જીવનો ખ્યાલ હોતો નથી.

જો આ વિચારસરણીમાં આપણે ઊંડા ઊતરીએ તો એમ પણ કહેવાય કે પ્રત્યેક જીવનો સંબંધ જો કર્મના હેતુરૂપ હોય તે જો એ કર્મને આપણે બંધનરૂપે નવાં થવા દેવા ન હોય તો તે સર્વ સંબંધમાં આપણે ભગવાનની ભાવનાનો, અથવા તો આપણા જીવનવિકાસની ભાવનાનો જીવંત ખ્યાલ અને હેતુ રાખીશું, તો તે જીવોનો સંબંધ આપણને કર્મબંધનરૂપે થવાનું નથી. એવા લગ્નથી અહીં માત્ર પરણેતરના અર્થમાં નહીં પણ આત્મસંબંધના અર્થમાં, આપણો વિકાસ જ થતો રહેવાનો છે.

**સ્વજન :** લગ્ન પછીના આદર્શ-સંવાદી જીવન માટે બન્નેના જીવન સમાન તો હોવાં જ જોઈએ ને?

***શ્રીમોટા :*** અહીં જ તમારી ભૂલ થાય છે. કોઈક ગૂઢ કર્મબળથી બે જીવો લગ્નસંબંધથી જોડાય છે. તેમણે ઉચ્ચજીવન માટે લગ્નભાવનાને ધ્યાનમાં રાખી જીવવાનો પુરૂષાર્થ કરવાનો છે.

ભલે બે એ બે જીવ એકસરખી કડવાના ન હોય તો તેથી શું? શું એણે પોતાની હાર કબૂલ કરવી? એમ કરવા જતાં તો તે વધારે નબળાઈ વહોરી લેવાનો છે. નબળાઈનો સામનો નબળાઈ વધારીને થઈ શકવાનો નથી, પણ વધારે સબળા થઈને થઈ શકવાનો છે. માનવીએ જો જીવનનો વિકાસ સાધવો હોય તો તેણે પ્રત્યેક પરિસ્થિતિ પર જીત મેળવવી જ ઘટે બે એમાંથી જ જીવંત શક્તિ પ્રગટાવવી ઘટે.

શક્તિ પણ એના સંબંધ વિના પ્રગટી જાણી નથી. માનવી એવી શક્તિ એકલે હાથે પણ મેળવી તો શકે છે; તેમ છતાં એણે એવી શક્તિ પેદા કરવા માટે કશાકની સાથે જોડાણ તો કરવું (લગ્ન કરવું) જ પડે છે. આ એક ઘણી જ મહત્ત્વની ગૂઢ વાત છે. માટે 'લગ્ન વિના કશું જ શક્ય નથી' આ સમગ્ર કથનને ભાવનાત્મક રીતે સમજવાનું છે. માટે જ લગ્નની ઉત્તમ ભાવનાનો વિચ્છેદ થવો કદી પણ શક્ય નથી, કેમકે એની પાછળ તો કર્મસંબંધ રહેલો છે.

જગતમાં જે કોઈ શક્તિ જ્યાં જ્યાં વ્યક્તરૂપે જણાય છે. તે-તે શક્તિ લગ્નથી જન્મેલી હોય છે. એટલે જીવ સાથેનો લગ્નસંબંધવાળો ભાવ કોઈને કોઈ રૂપે મળ્યા જ કરવાનો છે. માટે જીવસ્વભાવથી દોરવાઈ જઈને તેવી ભાવનાને અયોગ્યપણે વહી જવા દેવી એ જેનામાં બુદ્ધિ છે, સમજ છે, ધર્મની કંઈક ભાવના છે એવા માનવીનું કામ નથી. એવી રીતે દોરવાઈ જવાથી દેખીતી રીતે પહેલાં તો સુખરસ મળ્યો છે. એમ મળાશે, પણ અંતે તો એ એને વિષ જેવું જ લાગવાનું છે.

જીવનયાત્રામાં પુરુષ દિશા નક્કી કરે છે અને સ્ત્રી એને શક્તિ આપે છે. બન્નેને દિશા નિર્ધારણની છૂટ આપવામાં આવે તો દામ્પત્યજીવન રહેશે ખરું? બંનેનું જીવન પરસ્પરની આધીનતામાં છે.

**- સ્વામી સચ્ચિદાનંદજી**

*શીલ વિનાનું યૌવન સડેલા લાકડા પર લગાડેલા સનમાયકા જેવું છે.*

# વિવાહ સંસ્થા

***-પ.પૂ. શ્રી પાડુંરંગ આઠવલે***

શાસ્ત્રનો અભ્યાસ કરતાં લાગે છે કે વિવાહ આમરણ હોવા જોઈએ. Marriage with us is  a sacrament, not a contract. વિવાહવ્યવસ્થા એવી હોવી જોઈએ કે જે તોડી ન શકાય. વિવાહ આમરણ બનાવવામાં જ તેનું ખરું સ્વાસ્થ્ય છે, તેનું પણ કારણ છે. આમરણ વિવાહસંબંધના પરિણામે દંપતીમાં એકબીજા પ્રત્યે દૃઢ ભાવના બંધાય છે. તેઓ એકબીજાના મનોવિકારો અને તરંગો સારી રીતે સમજી શકે છે. તેમની જીવનનિષ્ઠા પરિપક્વ બને છે. અગવડમાં એકબીજાને સાથ આપી, આવેલી અગવડોનો હિંમતથી સામનો કરવાની તેમની માનસિક પૂર્વતૈયારી થઈ ચૂકી હોય છે. એકબીજા માટે ગમે તેટલું કષ્ટ વેઠી એકબીજાની હૂંફથી તે આવતી અગવડોમાંથી પાર ઊતરે છે. તેથી અગવડોમાં પાછા ફરવું, છૂટાછેડા લેવા-એ વિચાર પણ તેમને માટે પાપ ગણાય છે. ગમે તેવા સંજોગોમાં ટકી રહેવું એ જ ખરું દાંપત્ય છે. આજે ઘણા યુવાનો કહે છે કે હું વિવાહ કરવા માગતો નથી. પરંતુ, લગ્ન કર્યા પછી છૂટાછેડા લેનાર કરતાં આવું કહેનારા યુવાનો વધુ સારા છે, કારણ કે જીવનાર્થ કલહમાં ટકી રહેવાની તેઓ પહેલેથી જ અશક્તિ જાહેર કરે છે. જ્યારે છૂટાછેડા લેનાર વ્યક્તિ લગ્ન કરતી વખતે પોતાને લાયક સમજે છે અને પછી અગવડ આવતાં જ સાથ છોડી દે છે, આના જેવી નાલાયક અને તિરસ્કરણીય વ્યક્તિ બીજી કઈ હોઈ શકે? પોતાની નાલાયકી ઢાંકવા, અભિરુચિ, પ્રેમ, સ્વભાવની ભિન્નતા વગેરે કારણો આગળ ધરી છૂટાછેડાનો પ્રસ્તાવ મૂકે છે. અગવડો સામે ટકી રહેવાની તેના શારીરિક અને માનસિક પિંડોમાં શક્તિ  નથી. આ અશક્તિ ઢાંકવા એ બહાનાંઓ શોધે છે. પરંતુ, ગમે તેવી અગવડોમાં હિંમતથી રહેવું, છૂટાછેડા ન લેવાં એ જ ઈચ્છનીય છે. તેથી વિવાહ આમરણ જ હોવા જોઈએ એમ આપણા શાસ્ત્રકારો કહે છે.

બીજું અનિશ્ચિત કુટુંબવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાની પણ સંતતિ પર ઘણી મોટી અસર થાય છે. સાથે સાથે વંશનો વિચાર કરવો પણ તેટલો

*પ્રેમ એ જીવનનો અમૃતકુંભ છે.*

જ જરૂરી છે. વંશનું વર્ગીકરણ થવું જ જોઈએ. એકવંશી સમાજ કે વર્ગીકરણ વગરનો સમાજ કદી ટકી શકતો નથી એમ આજના સમાજશાસ્ત્રજ્ઞો કહે છે. સમાજ એકવંશીય કે વિભિન્નવંશીય હોય તો પણ આજના સમાજશાસ્ત્રો તેના ત્રણ વિભાગ પાડે છે.

પહેલાં વિભાગમાં - સેંકડે દશ જ લાયક અને કર્તૃત્વવાન સ્ત્રીપુરુષો હોય છે.
બીજા વિભાગમાં - એંસી ટકા સર્વસાધારણ પ્રજા હોય છે અને
ત્રીજા વિભાગમાં - કોઈપણ કામ કરવા નાલાયક, દૂબળા અને નિર્બુદ્ધ એવા દસ ટકા હોય છે. એમાં ભિખારી વેશ્યા, ચોર વગેરે ગણી શકાય.

આ લોકો કહે છે તેમ ઉપલક દૃષ્ટિથી પણ તેમના મત મુજબ એંસી ટકા લોકો કે જે સામાન્ય કક્ષાના છે તેમનામાં પ્રાણીશાસ્ત્ર મુજબ શુક્રબિંદુમાં 'N' જીવનગોલક રહે છે. આ જીવનલોકનો એવો ગુણધર્મ હોય છે કે તે શ્રેષ્ઠ યા કનિષ્ઠ વર્ણ સાથે સંબંધ કરે તો પણ તેનું પરિણામ સામાન્ય જ આવે. પ્રજા સાધારણ જ થાય. પરંતુ જે high grade rulling castes છે, શ્રેષ્ઠ વર્ગમાં જે દસ ટકા લોકો આવે છે, તેમનામાં 'N' ઉપરાંત બીજા n-n જીવનગોલકો રહ્યાં હોય છે. તેથી તેમનો સજાતીય જોડે સંબંધ થાય તો પણ તેમાંથી પચાસ ટકા પ્રજા સામાન્ય જન્મે છે. બત્રીસ ટકા પ્રજા શ્રેષ્ઠ થાય છે અને અઢાર ટકા પ્રજા કનિષ્ઠ થાય છે. તેથી પહેલા વિભાગના દસ ટકા લોકોને તેમની જાતિના ઉચ્ચતમ ગુણો ટકાવી રાખવા માટે બાકીના નેવું ટકા લોકોથી અલગ રાખવા જોઈએ એ જરૂરી છે. તેથી સમાજશાસ્ત્રકારોએ બે પ્રકારનું વિભાજન કર્યું છે. પહેલું વિભાજન Inter racial અને બીજું વંશાન્તરગત સમૂહનું વિભાજન Intra racial.

## સગોત્ર વિવાહનાં સમાજ પર પરિણામ

પ્રાણીશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિથી વિચારીશું તો જણાશે કે બહુ પાસેના તેમજ બહુ દૂરના પણ રક્તસંબંધો ન થવા જોઈએ. બહુ પાસેના એટલે સગોત્ર વિવાહ અને બહુ દૂરના એટલે સમૂહ બહારના. આમાં દેશનો





પણ વિચાર કરવો જરૂરી છે. દા.ત. અહીંના n-n ગોલકવાળા અને ઈંગ્લેન્ડના પણ n-n ગોલકવાળાનો સંબંધ થાય તો પ્રજા અકર્તૃત્વાન થાય, કારણ કે તે સમૂહ બહારના સંબંધો છે. તે જ રીતે દેશભેદ અને ભૌગોલિક પરિસ્થિતિનો વિચાર પણ બહુ જરૂરી છે. સ્કોટિશ અને અંગ્રેજના સંબંધથી પ્રજા કનિષ્ઠ થાય છે એમ 'A Study of British Genius' માં હેવલોકએલિસે સિદ્ધ કર્યું છે.

દુઃખદ તો એ છે કે યુનિવર્સિટીઓમાં એન્થ્રોપોલોજીની ફેકલ્ટીમાં સસલાના, કૂતરાના breeding નો પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ થાય છે, પણ માણસનું પણ breeding જોવું જોઈએ એ કહેવા કોઈ તૈયાર નથી.

મનુષ્યમાં પણ લોહીના સંબંધો વિશુદ્ધ રહે એ જોવું જોઈએ. મનુ આદિ સ્મૃતિકારોનું કહેવું છે કે બહુ પાસેના તેમજ બહુ દૂરના લોહીના સંબંધો ન થવા જોઈએ. એટલું જ નહિ, પણ તેમણે દેશભેદને પણ લક્ષમાં લીધો છે. અનુલોમ અને પ્રતિલોમ વિવાહ સંબંધોના બારામાં પણ તેમના વિચારો કેટલા શાસ્ત્રીય છે તે હેવલોકએલિસનું લખાણ વાંચશો ત્યારે ખબર પડશે.

## વિવાહ માટે આવશ્યક નિયમો

વિવાહસંસ્થામાં બંધનો હોવાં જ જોઈએ. અને આ બંધનો ચારિત્ર્ય, નૈતિકતા અને આધ્યાત્મિક વિકાસ વગેરે લક્ષમાં રાખીને પિંડગત પ્રગતિના નિયમોના આધારે નક્કી થયેલા હોવાં જોઈએ. વિવાહમાં ફળની ગ્રાહ્યાગ્રાહ્યતા નક્કી કરવી જોઈએ. સમાજની ઉન્નતિ માટે મનુએ આ બાબતમાં કેટલાક નિયમો આપ્યા છે, જેવા કે, વિવાહ આમરણ જ હોવા જોઈએ, અનન્યપૂર્વિકત્વ હોવું જોઈએ. એટલે કે કુંવારીનું જ લગ્ન થાય. કન્યા કુંવારી હોય તો જ તે વિવાહ યોગ્ય ગણાય. લગ્ન થયેલી સ્ત્રીનાં પુનર્લગ્ન થાય નહિ, વગેરે.

પરંપરાગત માનવી સંસ્કાર અપત્ય ઉપર દૃઢ થાય તે માટે કુટુંબમાં સ્ત્રીપુરુષ અચળ ઘટક હોવાં જોઈએ. સાંસ્કૃતિક અને પિંડગત દૃષ્ટિથી આની

અસર સંતતિ ઉપર થાય છે. પુરુષના કુટુંબમાં દાખલ થયા પછી સ્ત્રીને લાગવું જોઈએ કે પોતે તે કુટુંબની એક સ્થિર ઘટક છે અને આ સમજણ આવશ્યક છે. સ્ત્રી આજે એક કુટુંબની ઘટક અને આવતીકાલે બીજા કુટુંબની ઘટક એમ થવું ન જોઈએ. અમુક કુટુંબની હું સ્થિર ઘટક છું એવું ભાન સ્ત્રીને સતત રહેવું જોઈએ. અને એનું જ નામ કુલસ્ત્રીત્વ, પતિવ્રતા ધર્મ.

## વિવાહમાં સ્થિર ઘટકત્વની જરૂર

કેટલાકને લાગશે કે અનન્ય પૂર્વિકત્વ, સ્થિર ઘટકત્વ વગેરેના ઓઠા હેઠળ સ્ત્રી પર અન્યાય નથી કરાતો? પુરુષને માટે કેમ કોઈ બંધન નથી? તેનું પણ કારણ છે. પાવિત્ર્યનો વિચાર તત્પૂરતો બાજુએ રાખીને વિચારીશું તો પણ નિસર્ગની દૃષ્ટિએ સ્ત્રીને માટે બંધનો જરૂરી છે. ઘણીવાર આપણા મનમાં પણ વિચાર આવે છે કે મનુએ જ તૂત ઊભું કર્યું છે. ‘પુરુષ ગમે તેટલી વાર પરણી શકે અને સ્ત્રીને એક જ વાર પરણવાનું? પુરુષને કોઈપણ જાતનું બંધન નહીં અને સ્ત્રીઓને જ બધાં બંધન? આ તો સ્ત્રી જાતિ ઉપર હડહડતો અન્યાય છે.’ એમ કહેવાતા સુધારકો ભાષણો આપી લોકોમાં પોતાની વાહવાહ બોલાવે છે, પરંતુ, લોકોને અને એમને પણ ક્યાં ખબર છે કે પ્લેટફોર્મ ઉપર ઊભા રહી ગળાફાટ ભાષણો આપવાં અને શાસ્ત્રોનો આધાર લઈ એક એક મુદ્દા ચર્ચવા એ બેમાં બહુ મોટો ફરક છે. સ્ત્રી અને પુરુષ માટે સમાન ધોરણ શા માટે નથી, તેનો શાસ્ત્રીય અભ્યાસ કોઈને કરવો નથી અને પોતાની વાહવાહ બોલાવવા મનુને ગાળો ભાંડવી છે. પરંતુ, તેમને મારે એટલું જ કહેવાનું છે કે પહેલાં શાસ્ત્રોનો અભ્યાસ કરે અને પછી પોતાનો મત વ્યક્ત કરે.

આજના પ્રાણીશાસ્ત્રજ્ઞોનું અને માનસશાસ્ત્રજ્ઞોનું માનવું છે કે ભગવાને સ્ત્રીની મનોરચના પુરુષ કરતાં કાંઈક જુદી જ બનાવી છે અને તેથી જ નૈસર્ગિક રીતે જ સ્ત્રીને એકપતિત્વ વધુ અનુકૂળ છે. સ્ત્રીનો જ્યારે પુરુષ સાથે પહેલો સંબંધ થાય છે ત્યારે સ્ત્રીમાં એક પ્રકારની માનસિક વૃત્તિ તૈયાર થાય છે. Intercourse દરમ્યાન સ્ત્રી લેવાવાળી છે અને પુરૂષ





આપવાવાળો છે, તેથી પુરૂષને સ્ત્રીના લોહી સાથે સંબંધ નથી થતો, પરંતુ, સ્ત્રી લેવાવાળી હોવાથી તેને પુરૂષના લોહી સાથે સંબંધ થાય છે. તે પુરૂષના હૉર્મોન્સ લે છે. તેના દેહમાં એક નવો જ દેહ આકાર લે છે. તે વખતે તેની મનોવૃત્તિ કેટલી તદ્રૂપ થતી હશે તેનો ઊંડો વિચાર કરવો જરૂરી છે. વળી જે પુરુષ સાથે સ્ત્રીનો પહેલો સંબંધ થાય છે તેને તે પ્રાણપૂર્વક ચાહે છે. તેમાં પોતાનું વ્યક્તિત્વ સમાવી દેવાની ભાવના તેનામાં નિર્માણ થાય છે. અતિશય કામુક સ્ત્રીઓની બાબતમાં અપવાદ જરૂર હોય છે, પણ તે બહુ જૂજ હોય છે. આનાં સંદર્ભમાં 'Marriage and Heridity' માં મેક્સ નારડુ લખે છે :

The difference in the importance of the two sexes so far as the maintainance of the race is concerned, also causes a corresponding difference in their amatory lives. The part that woman plays is far most important. She has to supply the whole material for the formation of a new being to elaborate it completely in her own organism, and above all, to impart to it her own qualities just as she inherited them. Man only supplies the stimulus to this tedious, difficult and heroic work. In the case of the woman the centre of generation is more strongly developed, its activities more lively, and as well as more important having regard to the action of the brain as a whole. Woman possesses a more distinctly developed ideal of the man, nor does she allow herself to be so readily induced to remove it and content herself with a substitute. It is impossible to get to remove it. The emotion drives from her consciousness every other kind of content. She will be far more likely to give her life rather than that of man. (P. 123)

આ જ પુસ્તકમાં આ બાબતમાં ઘણાં દૃષ્ટાંતો આપેલાં છે. એક ઈંગ્લિશ ઘોડીનો સંબંધ એક ટપકાંવાળા ગધેડા જોડે કરવામાં આવ્યો તો તેની સંતતિમાં ટપકાંવાળા ખચ્ચરો થયાં. ત્યાર પછી આ જ ઈંગ્લીશ ઘોડીનો સંબંધ એક સુંદર અરબી ઘોડા જોડે કરવામાં આવ્યો તો તેનાથી પણ તેને ટપકાંવાળા ખચ્ચરો જ થયાં. આનો અર્થ એ કે સ્ત્રીનો પહેલો સંબંધ જેની સાથે થાય છે સાથે તે તદ્રૂપ થાય છે. તેથી વિધવા સ્ત્રી પણ જો પુનર્લગ્ન કરે તો તેને થતાં છોકરાની આકૃતિ પોતાના પહેલા પતિને મળતી આવશે.

# નવું સાહસ

**- ફાધર વાલેસ**

તમારાં નવાં સાહસ માટે તમે સલાહ માગી છે. સાહસ તે લગ્ન છે.

એ એકદમ નવું સાહસ તો ન કહી શકાય કારણ કે પૃથ્વીમાં બાવા આદમના વખતથી એના પ્રયોગો વધતી ઓછી સફળતાથી થતાં આવ્યાં છે. પણ તમારે માટે એ પ્રયોગોનું મુહૂર્ત હવે થોડા દિવસમાં આવવાનું છે અને એ તમારા જીવનમાં તદ્દન નવો અનુભવ હશે. તેથી તમારે માટે તો એ નવું સાહસ કહેવાય.

લગ્ન વિષે તમે ઘણું જોયું છે, સાંભળ્યું છે, વાંચ્યું છે એ ખરું. છેલ્લાં થોડાં વર્ષથી તમે મુખ્યત્વે એની જ વાત કરતા ને સાંભળતા આવ્યા છો એમ કહીએ તોય ચાલે. પણ ડૉક્ટર પણ કોલેજમાં બેઠાં બેઠાં શરીરવિજ્ઞાનના બધા પાઠ શીખ્યા હોવા છતાં પહેલી વખત દર્દીનું પેટ ચીરવા જાય ત્યારે એનો હાથ ધ્રૂજે. ને સૈનિક પણ યુદ્ધનું આખું શસ્ત્ર જાણ્યા છતાં પહેલી વખત ખુલ્લા રણમેદાનમાં પડે ત્યારે તેના પગ થરથરે. અને યુવાન માણસ પણ લગ્નપુરાણનું પારાયણ અનેકવાર કર્યું હોવા છતાં લગ્નવિધિ પછી પહેલી વખત જીવનસાથીને પૂર્ણ એકાંતમાં મળે ત્યારે તેના હૃદયના ધબકારા વધે, અને એ શુભ પ્રસંગ માટે વાર્તાઓમાં વાંચેલાં ને સિનેમામાં જોયેલાં ને દોસ્તોની પાસેથી સાંભળેલાં સુવાક્યો સાવ ભુલાઈ જાય, બાધાની માફક એ સામે જોયા જ કરે. અને છેવટે મહામહેનતે કેમ છો? જેવું લૂખું સંબોધન તેના મોંમાંથી નીકળે. હા, ખરેખર એ નવું સાહસ છે - એને માટે ગમે તેટલી તૈયારી કરી હોય તોપણ.

અને પહેલી સલાહ પણ એ છે કે પેલી વાર્તાઓની ને સિનેમાની ને દોસ્તોની વાતો ભૂલી જાઓ અને તમારી એ કોમળ નવવધૂ સાથે પહેલેથી જ સરળતાથી, સહજ ભાવે, સ્વાભાવિક રીતે જ વર્તો. ગોખેલાં વાક્યો ન જોઈએ. શીખેલા અભિનય ન જોઈએ. પાડેલા ચાળા ન જોઈએ. તમે છો ને એ છે, અને જેમ પહેલાં તેમ જેવાં છો તેવાં એકબીજાને મળો, એકબીજાને





ઓળખતાં થાઓ, સ્વીકારતાં થાઓ તેમ બંનેને માટે સારું છે. તમે એનો ક્ષોભ દૂર કરો, એનો સંકોચ ભુલાવો, એની શરમ મિટાવો. પહેલેથી જ એને સ્વસ્થ બનાવો, તમારી સરળતાથી એને હળવી બનાવો, તમારી આગળ કોઈ નાટક ભજવવાની જરૂર નથી એની ખાતરી એને કરાવો. પરિણામ એ આવશે કે એને સ્વસ્થ બનાવતાં તમે પોતે સ્વસ્થ બની જશો. (તેમને પણ એની જરૂર હતી ને?) અને હૃદયનું સાચું મિલન જલદી થઈ શકશે.

વ્યક્તિ વ્યક્તિને મળે એ ખરું સાહસ છે. ખાલી શિષ્ટાચારમાં નહિ, કે રસ્તામાં મળીને બે ગપ્પા મારવા માટે નહિ, કે ઑફિસમાં સાથે કામ કરવા માટે નહિ, પણ જિંદગી સુધી બેમાંથી એક થઈને નિકટ સાંનિધ્યમાં જીવવા માટે વ્યક્તિ વ્યક્તિને મળે એ સાહસ છે. પડકાર છે. સાધના છે.

બાહ્ય અવકાશમાં, અંતરિક્ષે ચડેલાં બે અવકાશયાનનું મિલન કરાવવા કેટલી કરામત, ગણતરી, વીરતા જોઈએ! એમના પથ સમાંતર બનાવવા જોઈએ. વેગ સરખા, પૃષ્ઠ સન્મુખ. એમાં સહેજ ભૂલ પડી, એકનો વેગ વધારે ને એકનો ઓછો થયો, એકનો પથ સીધો ને એકનો આડો આવ્યો, કે મિલનને બદલે અકસ્માત થશે, અથવા કાયમનો વિયોગ થશે. યાનો અથડાશે, કે એકબીજાથી દૂર ને દૂર જતાં રહેશે, કે નજીક આવ્યા છતાં એમના યોગ કેમે કરીને બેસશે નહિ.

જીવન-અવકાશમાં પણ યૌવનના અંતરિક્ષે ચડેલા બે અનંતયાત્રીઓનું શુભ મિલન કરાવવું કેટલું અઘરું હોય છે! સરખો વેગ જોઈએ, સરખા માર્ગ જોઈએ, સરખાં દિલ જોઈએ, નહિ તો અકસ્માત થશે, જીવલેણ અકસ્માત થશે, દિલ દિલની સામે અથડાશે અને તેના ટુકડેટુકડા શૂન્યાવકાશમાં અનંત નિરાશાને માર્ગે ગોળ ગોળ ફરતા રહેશે. મિલનનું મુહૂર્ત વિયોગના અપશુકનમાં પલટાઈ જશે.

સફળ મિલન માટે ગણતરી ને તાલીમ, કલા અને લાગણી જોઈએ. હળવે રહીને, સૂક્ષ્મ સ્પર્શ, મૃદુ સંપર્ક. ખોટી ઉતાવળ કરવાથી કેટલાં લગ્ન ખોરવાયાં હશે! આજ સુધી તમે બે એકબીજાને ભાગ્યે જ મળ્યાં છો,

અને મળ્યાં છો તે એવા સંજોગોમાં મળ્યા છો કે એમાં સાચો પરિચય મળવો અશક્ય હતો. વડીલોની હાજરીમાં, ટૂકાં સમયમાં, ક્ષોભમાં ને ચિંતામાં. (એના ઉપર તમારી શી છાપ પડે એ ચિંતાથી એની તમારા ઉપર શી છાપ હતી એ જોવાનું તમે તો ભૂલી ગયા; અને એ પણ તમારા ઉપર સારી છાપ પાડવાની આતુરતાથી તમારી છાપ ઝીલવાનું સાવ ચૂકી ગઈ! ખેર! ઉત્તમ છાપ પાડવાનો રસ્તો પોતાની વાત જ ભૂલીને સામી વ્યક્તિમાં સાચો રસ દાખવવાનો છે એ હજી તમારે બંનેને સમજવાનું છે.) તમે એના વિશે થોડું તો જાણો છો, અને એ તમારા વિશે થોડું વધારે પણ જાણે છે (કારણ કે ગુપ્ત માહિતી ભેગી કરવાની કલા સ્ત્રીઓની પાસે જ છે.) પણ એ તો બાહ્ય માહિતી છે, સૂકી હકીકત છે, ખાલી વિગતો છે. એ દિલનું ઓળખાણ નથી, સૂક્ષ્મ ટેવો-કુટેવોનો પરિચય નથી, આત્માનું મિલન નથી.

ને હવે લગ્નનો દિવસ આવશે, ને વિધિ થશે ને વડીલો આશીર્વાદ આપશે ને મહેમાનો આવશે ને જશે... અને થોડા જ કલાકમાં તમે બે બાહ્ય પરિચયથી દુનિયાની નિકટમાં નિકટ આત્મીયતામાં ઊતરી જશો. માટે જ સલાહ આપું છું કે ઉતાવળ ન કરો. ધીરેથી આગળ વધો, ધીમે પગલે ચાલો.

ઈતિહાસમાં એક પ્રસંગ છે. આર્ગોસના રાજાએ લિડિયાના રાજાને ત્યાં રાજકુમારીને માટે માગું મોકલ્યું ત્યારે જવાબમાં લિડિયાના રાજાએ એમને એક ચાંદીની પેટી મોકલી. પેટીમાં માટી હતી અને માટીમાં ગુલાબની એક કળી ઊભી હતી. આર્ગોસના રાજાએ પેટી ઉઘાડી, કળી જોઈ, મર્મ સમજી લીધો : રોજ પોતે પોતાને હાથે નાજુક કળીની માવજત કરી. હૂંફ મળે પણ સીધો તડકો ન લાગે એવી રીતે ગોઠવે; લહેર ઝુલાવે પણ પવન ન નમાવે એવી જગ્યાએ મૂકે; પોષણ મળે પણ સડો ન લાગે એટલું પાણી પાય. ને છેલ્લે કળી ફૂટી, ફૂલ બેઠું, ગુલાબ ખીલ્યું, અને ગુલાબનું ફૂલ ચાંદીની પેટીમાં મૂકીને ને ચાંદીની પેટી બીજી સોનાની પેટીમાં બેસાડીને આર્ગોસના રાજાએ તે પાછી લિડિયાના રાજાને મોકલી. અને કન્યા આવી. અને લગ્ન લેવાયાં.

*લગ્ન એ પ્રેમનું એક નાનકડું સામ્રાજ્ય છે.*



તમારા હાથમાં એ ગુલાબની કળી હમણાં આવશે. જો તમે ઉતાવળ કરીને એનું સૌંદર્ય, એની કોમળતા, એની સુવાસ લૂંટવા દોડશો તો એ તરત કરમાઈ જશે.

ધીરેથી કામ લો.

માવજત કરો.

તમે પોતે કરો, રોજ કરો, પ્રેમથી કરો.

લગ્ન થયાં એટલે બધા અધિકાર તમને મળી ચૂક્યા એમ ન માનો. અધિકાર લાયકાતથી પ્રાપ્ત થશે. અને લાયકાત પ્રેમથી, ધીરજથી, ભક્તિથી સિદ્ધ થશે. પછી ગુલાબ ખીલશે.

શરૂઆતમાં ધીરે પગલે ચાલે તે દૂર સુધી પહોંચે. લાગણીના પ્રદેશમાં એ સવિશેષ સાચું છે.

દોડે તે જલદી થાકે.

જલદી ચડે તે જલદી પડે.

ઊંચે ચડે ને ઊંચે જ રહે.

થોડો સંયમ.

થોડી ધીરજ.

થોડી ડહાપણ.

વ્યક્તિને વ્યક્તિ તરફથી પૂરું માન ને આદર અને સ્વમાનની આગ્રહપૂર્વકની સાચવણી-પોતાનામાં તેમ જ બીજામાં.

સાહસ છે તે તમારું છે.

તમારું છે એટલે નવું છે.

નવું છે એટલે આખરે તમે પોતે જ તમારા અનુભવથી શીખશો.

સલાહ માગી છે તો છેવટે એટલી આપું છું કે બીજી વ્યક્તિને અપૂર્વ નિક્ટતામાં મળવા જાઓ છો તો તમે જ બનીને જાઓ : સરળતાથી ને નિખાલસતાથી જાઓ : માનપૂર્વક અને પૂજ્યભાવે જાઓ. ને વિશ્વાસથી જાઓ : તમારામાં ને એનામાં.

અને એ વિશ્વાસ ફળશે.

*ધર્મ માર્ગે જીવન જીવવાની પ્રેરણા આપે તે સહધર્મચારિણી.*

# પત્નીનું સ્વમાન જાળવજો

**- *શ્રી ભૂપત વડોદરિયા***

અહીં મારા એક મિત્રનો પ્રસંગ કહું તો અસ્થાને નહીં ગણાય. મારો એક મિત્ર પત્નીનાં સ્વમાનની લાગણીને હંમેશાં પોષવામાં માનતો. બન્ને વચ્ચે સમાનતાની ભાવના પ્રવર્તતી હતી. એ ભાવના એટલી સ્વાભાવિક બની ગયેલી કે કોઈને તે માટે દેખાવ કે પ્રયત્ન કરવો પડતો નહીં. એમના સ્વભાવમાં જ એ વસ્તુ વણાઈ ગયેલી. પગાર સામાન્ય પણ બન્ને સુખી. પહેલી તારીખે પગાર આવે એટલે મિત્ર પત્નીના હાથમાં મૂકે. પત્ની કહે : તમારે જોઈએ તેટલા લઈ લો. મિત્ર કહેતો : તું જેટલા લેવાની હો એટલા જ મને આપ. પત્ની કહે : પણ તમારે મારો શો વદાડ! તમારે બહાર મિત્રમંડળમાં ચાપાણી માટે જોઈએ, વળી તમારું મસાલેદાર પાન તો હું ભૂલી જ જાઉં છું.

મિત્ર કહેતો : તારે જોઈએ તેટલા લે, ને તેટલા જ મને આપ.

હવે જો એ તદ્દન ન લે કે ઓછા લે તો પતિને મુશ્કેલી પડવાની એ તે સમજતી. આથી જરૂરિયાત જેટલા જ પાંચ રૂપિયા પોતે રાખતી.

મને યાદ છે કે પાંચેક વર્ષ પછી જ્યારે એકવાર મારો મિત્ર ટાઈફોઈડમાં પટકાયો ત્યારે પત્નીએ પોતે દર મહિને જે પાંચ પાંચ લીધેલા તેમાંથી બચાવી રાખેલા અઢીસો રૂપિયા પતિના હાથમાં મૂકેલા ને ત્યારે તેની આંખમાં ને પતિની આંખમાં પણ હર્ષનાં આંસુ હતાં.

આવો જ એક બીજો પ્રસંગ અહીં નોંધું. એક બીજા સ્નેહીની વાત કરું છું. પહેલા પ્રસંગમાં મેં જે મિત્રની વાત કરી તેવા જ સ્વભાવના આ ભાઈ પણ હતા. પત્ની જેટલા પૈસા અંગત હાથખરચી માટે રાખે તેટલા જ પોતે લે. એકવાર કૉલેજના દિવસોમાં કોઈ મિત્રને એમણે ધીરેલા પૈસા એ મિત્ર અચાનક મળી જતાં તેણે પાછા વાળ્યા. રકમ હતી પચ્ચીસેકની. હું સાથે હતો. મને ખબર કે ભાઈ સહેજ ખર્ચાળ છે. મેં કહ્યું : આ પૈસાની વાત ભાભીને કહેવાની કંઈ જરૂર ખરી? તમારી અંગત ખર્ચીમાં કામ લાગશે.

**અપેક્ષા અને ઉપેક્ષા દામ્પત્યજીવનના શત્રુ છે.**



પહેલાં તો એમને એ વિચાર ગમ્યો પણ પછી વિચાર ફર્યો. મને કહે : ના, ના, હું આવાં છાનગપતિયાં કરીશ તો આવો જ વિચાર કોક દિવસ એને પણ નહીં આવે? એ પચ્ચીસ રૂપિયામાંથી તેમણે પોતાના માટે સાડા બારના બૂટ લીધા (જેને માટે તેમને ખૂબ ઈચ્છા હતી) ને બીજા સાડા બારમાંથી પત્ની માટે સાડી લઈ લીધી.

આ કે આવા પ્રસંગો આમ તો આપણને ખૂબ સામાન્ય લાગે છે પણ આવા સામાન્ય પ્રસંગો જ લગ્નજીવનમાં સુખ અને સંતોષમાં બહુ મોટો ફાળો આપતા હોય છે.

આથી ઊલટો જ એક પ્રસંગ કહું.

મારા એક મિત્રે તેમના કોઈ દોસ્તને લગ્નની ભેટમાં એક સારી ફાઉન્ટન પેન આપી. ફાઉન્ટન પેન પંદરથી વીસ રૂપિયાની કિંમતની હશે. પછી એ મિત્રનાં પત્નીનાં બહેનપણીને ભેટમાં કંઈક આપવું જોઈએ તેમ પત્નીએ કહ્યું. મિત્રે તેમાં ઝાઝો ઉત્સાહ બતાવ્યો નહીં. પત્નીને ખૂબ જ માઠું લાગ્યું. મિત્રે ભેટ તો ખરીદી લાવીને આપી, પણ પત્નીને આનંદ ન થયો. એમનું લગ્નજીવન અન્ય રીતે સુખી હતું. આ નાનકડા પ્રસંગે એમનાં મન જુદાં પડ્યાં. મિત્રને પાછળથી પોતાની ભૂલ સમજાઈ, પણ પત્નીના મન પર પડેલો ડાઘ દૂર કરતાં સમય ગયો.

આનો અર્થ એવો નથી કે સ્વમાની સ્ત્રી કદીયે પતિને માફ કરી શક્તી નથી. સામાન્ય રીતે તો સ્ત્રી નાની નાની વાતોને બહુ મન પર આણતી પણ નથી. પણ ક્યારેક આવી જ કોઈક નાની વાત તેને ખૂબ ખૂંચે છે. આવો નાનકડો પ્રસંગ તેની પરાધીનતાનું ભાન કરાવે છે ને એ લાગણીને અત્યંત તીવ્ર કરી દે છે.

લગ્નજીવનમાં એવા અનેક પ્રસંગો આવે છે જ્યારે જમા અને ઉધારનાં પાસાં મળતાં ન હોય ત્યારે બન્ને મૂંઝાઈ ઊભાં રહે. આવી પરિસ્થિતિમાં મોટે ભાગે પતિ પત્ની ઉપર સીધો દોષ ઢાળી દે છે. તેને કરકસર કરતાં આવડતી નથી. તને કેળવીને ખાતાં આવડતું નથી. તને ઘર કેમ ચલાવવું તેનું ભાન નથી. હકીકતમાં તો તેનું કારણ અપૂરતી આવક

**કુંડના થાપા : *ભીંતમાં દીકરીની આંગળિયું ને હથેળી ઊગી, જાણે કન્યાવિદાયની સ્મૃતિ.***

હોય છે. પતિની એ આવક વધે તેથી શક્યતા હોતી નથી અને પત્ની પણ એ જાણતી હોય છે પણ તેથી જ પતિને તેનું પુરુષસહજ અભિમાન છંછેડે છે ને તે માને છે કે પત્ની મારી કમાવાની અશક્તિનું મને ભાન કરાવ્યા કરે છે! મારી કમાવાની અણઆવડતને ખુલ્લી પાડવાની પ્રયત્ન કરે છે! પત્નીના દિલમાં આવું કંઈ હોતું નથી. આમ હોય ત્યારે શક્ય હોય ત્યાં કરકસરનો અને તેમ બને એવું ન હોય ત્યારે થોડી આવક વધારવાનો નવો માર્ગ શોધવાનો વિચાર કરવો જોઈએ. સામાસામા આક્ષેપોથી ભાગ્યે જ તેનો ઉકેલ આવવાનો. પત્ની જ બધું ખાઈ જતી હોય ને બગાડ કરતી હોય એ રીતે પતિએ આખી વાતને ન ઘટાવવી જોઈએ. કદાચ પત્નીને કારણે ક્યાંક વધુ ખર્ચ થતો હોય તેવું જણાય તોપણ તેનું ધ્યાન એવી રીતે ખેંચવું જોઈએ કે પત્નીને માનહાનિ જેવું ન લાગે. પોતાથી શું કરકસર થઈ શકે તેમ છે એ વિચાર પહેલાં કરવો જોઈએ ને તેનો અમલ પણ કરવો જોઈએ. ભાગ્યે જ એવી કોઈ પત્ની હશે કે જે પતિને પોતા પર કરકસર કરતો જોઈને પ્રભાવિત થયા વિના ન રહે.

જે પ્રદેશમાં મનુષ્યો પ્રેમની ઈર્ષ્યા કરે છે, યોગ્ય યુગલને ઈર્ષ્યાર્થી જુએ છે, ત્યાં નરકની ગંધ પ્રગટ થાય છે, ત્યાં યૌવનમાં રસને બદલે વિકાર પ્રગટ થાય છે. ત્યાં પવિત્ર પ્રેમની સૃષ્ટિને બદલે વિલાસની બદબૂ છૂટે છે.

**- ધૂમકેતુ.**

તે જ સાચી ગૃહિણી, જે પોતાનાં શીલ અને ચારિત્ર્યની પરવા કરે અને પતિની પ્રેમાળપણે પરિચર્યા કરે.

**-સંત તિરુવલ્લુકર.**

પતિ-પત્ની વચ્ચેની પ્રેમઝરણીનું એકરૂપ બની સરિતારૂપ વહેવું તે જ લગ્નનો આદર્શ.

**- મુનિ શ્રી સંતબાલાજી.**



# એક પત્નીવ્રત

**- *શ્રી ભૂપત વડોદરિયા***

લગ્નનો સાચો આદર્શ એકપત્નીવ્રત અને એકપતિવ્રત જ હોઈ શકે. એકપત્નીવ્રત કે અકપતિવ્રતને તમે લગ્નભાવનાથી જુદાં પાડી શકો જ નહીં. અને જો તમે લગ્નમાંથી એ ભાવનાને લઈ લો એટલે એ વ્યભિચારનો સદંતર પરવાનો માત્ર બની જશે. લગ્નનો આદર્શ અદ્વૈત છે- એક્ય છે ને એકપત્નીવ્રત કે અકપતિવ્રત ન હોય ત્યાં પછી અદ્વૈત કે ઐક્યની શક્યતા જ ક્યાં રહી?

કેટલાંક કહે છે કે પુરુષ પ્રકૃતિએ બહુ સ્ત્રીગામી છે. પુરુષની આ પ્રકૃત વિષે કંઈ પણ વિધાન કરવું એ મારે માટે યોગ્ય નથી, કારણ કે તે માટે હું અધિકારી નથી. પણ હું એટલું જાણું છું કે સાચા પ્રેમીઓનો પ્રેમ એક જ સ્ત્રી કે એક જ પુરુષ પર ઢોળાયો હોય છે ને સાચો પ્રિયતમ પ્રિયતમામાં નારીનાં જૂજવાં-અનેક રૂપ જુએ છે. અને પોતાની પ્રિયા નિત્યનવી લાગે છે. જાતીય જીવનમાં વૈવિધ્યની ઝંખનાને હું અતૃપ્ત કામનું લક્ષણ માનું છું. એક પ્રિયતમ અને પ્રિયાના સ્નેહજીવનમાં અનંત વૈવિધ્ય હોઈ શકે છે.

લગ્નસંસ્થાના વિકાસમાં એકપત્નીવ્રત અને એકપતિવ્રત આદર્શને સીમાચિહ્ન ગણાવું જોઈએ.

આ અનુસંધાનમાં વિનોબા ભાવેના એક પ્રવચનનો કેટલોક ભાગ ટાંકવાની લાલચ હું રોકી શક્તો નથી. વિનોબાજી કહે છે : એક જમાનામાં લગ્નસંસ્થાની હસ્તી નહોતી અને જાનવરની જેમ મનુષ્ય કામવાસના પ્રમાણે વર્તતો. પ્રાચીનકાળના ઋષિમુનિઓની કથા સાંભળશો તો એમને પણ કામ-પ્રેરણાથી રંગાતા જાશો, પણ એ વાસનાનું નિયંત્રણ કરવાનો વિચાર પણ મનુષ્યને સૂઝ્યો, કેમ કે અનિયંત્રિત વાસનાથી નથી તો વાસનાની પૂર્તિ થતી કે નથી સમાજમાં શાંતિ રહેતી. એ પણ એ અનુભવે શીખ્યો. એટલે એણે લગ્નસંસ્થા શોધી. લગ્નસંસ્થા સતત વિકસતી રહી

છે. રાક્ષસવિવાહ, ગાંધર્વવિવાહ વગેરે પ્રકારો અજમાવતા અજમાવતા છેવટે હિન્દુસ્તાનમાં બ્રહ્મવિવાહ સ્થિર થયો અને શાસ્ત્રોએ એને વિધિસરનો માન્યો. તે વિધિમાં પણ મનુષ્ય આગળ વિચારતો રહ્યો. એક પુરુષને એક સાથે વધુ પત્નીઓ ન હોવી જોઈએ, એવો વિચાર મનુષ્યમાં વધી રહ્યો છે. પરિણામે થોડા વખતમાં તેવો કાયદો પણ થશે. રામાયણમાં દશરથને ત્રણ પત્ની હતી અને એના દીકરા રામનું એકપત્નીવ્રત તો વિશ્વવિખ્યાત છે. મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રનો આદર્શ સમાજની સામે મુકાયો છે. કાયદા તો થશે પણ આજેય બે પત્નીવાળાને પૂછો કે તમારે બે બૈરી છે, તો એ જરા શરમાશે અને લજાતાં લજાતાં કંઈક બહાનાં બતાવશે. આમે મનુષ્યે કામવાસનાનાં નિયંત્રણમાં ઘણી પ્રગતિ કરી છે. જૂના જમાનામાં જેટલી ઉચ્છખલ વૃત્તિ હતી એટલી નથી રહી. અલબત્ત હજુ વ્યક્તિગત રીતે મનુષ્યે ઘણા વધારે સંયમી બનવાની જરૂર છે પણ એ તો માનવું પડશે કે લગ્નસંસ્થા પહેલાંનો માનવસમાજ અને તે પછીનો આજનો માનવસમાજ, એ ત્રણ સ્થિતિમાં ઘણો ફેર પડેલો જણાશે.

સ્ત્રી કે પુરુષ કોઈ જડ વસ્તુ નથી. એક સ્ત્રી એટલે એક વસ્તુ એમ રખે કોઈ માને. એક જ સ્ત્રીમાં અનેક સ્ત્રીઓ સમાયેલી હોય છે. એ જ વાત પુરુષની બાબતમાં પણ લાગુ પડે છે. આપણે કહીએ છીએ ને કે માણસને પૂરેપૂરો ઓળખવો એ તો બહુ મુશ્કેલ કામ છે-કદાચ અશક્ય. પણ બે જ અક્ષરનો એક શબ્દ એકમેકને ઓળખાવી શકે છે. એ શબ્દ છે પ્રેમ. પ્રેમ જ માણસનો પાર પામી શકે છે. પ્રેમ એકાગ્ર હોય. લગ્નમાં આવી એકાગ્રતા ન હોય તો લગ્ન તેની સાચી ભાવનાથી વંચિત જ સમજવું. એકસાથે બેની આરાધના થઈ શકે નહીં. આરાધના એકની જ હોય.

જે પુરુષ બે પત્ની કરે કે જે સ્ત્રી બે પતિ કરે એ લગ્નના આદર્શથી તો દૂર ફેંકાઈ જાય છે જ પણ બીજી રીતે વિચારીએ તોપણ એ એક અનૈતિકતા છે. તદ્દન વાસ્તવિક ભૂમિકાઓથી વાત કરીએ તો એક બાજુ માણસો ઓછામાં ઓછી અનિવાર્ય કામતૃપ્તિ પણ પામી શક્તા નથી, ત્યારે બીજી બાજુ અમુક માણસો કામનું અતિ સેવન કરે એ પણ





માનવન્યાયથી વિરુદ્ધ છે. કામ માનવીના જીવનમાં ઘણો મોટો ભાગ ભજવે છે. કામ એ કોઈ બાહ્ય-સ્થૂળ જરૂરિયાત નથી-અન્ન જેવી એ માનવીનાં મન, તન અને આત્માને ટકાવી રાખનારી શક્તિ છે. અતૃપ્ત કામનાં કેટલાં ભયંકર પરિણામો આવી શકે, તેની કલ્પના હવે આપણને આવતી જાય છે. દરેક પુરુષ અને સ્ત્રીને કામના સેવનનો સમાન અધિકાર હોવો જોઈએ. માનવીના શરીર-મનના આરોગ્યને એ પોષક છે. તેમાં સંયમ જોઈએ એમ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. અન્ન શું કે કામ શું તેનો અતિરેક હાનિ કર્યા વિના રહે જ નહીં.

ફરી વાર અહીં હું વિનોબાજીને ટાંકું છું. વિનોબા કહે છે : શાસ્ત્રકારોએ કહ્યું છે : ધર્મ-અર્થ કામાઃ સમં એવ સેવ્યાઃ-ધર્મ, અર્થ અને કામનું સેવન સૌએ સમાન રીતે કરવું જોઈએ. એમ ન કરી શકાય કે થોડા જણને ધર્મનું શિક્ષણ મળે અને બાકીનાને ન મળે. ધર્મરત્નની પ્રાપ્તિ દરેકને થવી જોઈએ અને દરેકને ગુણવિકાસની તક મળવી જોઈએ. ધર્મનું સમાનભાવે સેવન કરવાનો અર્થ આ જ છે અને અર્થનો સમાનભાવે સેવન કરવાનો મતલબ એ કે દરેકને જીવનની જરૂરિયાતો સરખી મળવી જોઈએ. કામવાસનાના સમાન સેવનનો અર્થ એ કે દરેકને ઉચિત મર્યાદામાં કામવાસનાનો ભોગ કરવાનો અવસર મળવો જોઈએ. ધર્માર્થકામાઃ સમ મેવ સેવ્યાઃ એ સામાજિક જીવનનું સૂત્ર છે. આ રીતે ધર્મશિક્ષણ, અર્થલાભ અને કામતૃપ્તિની યોજના કરવામાં આવી છે. એવું થઈ જાય તો સમાજની ઘણીખરી સમસ્યાઓનો છેડો આવી જાય.

નિડર અને ક્રાંતિકારી વિચારક તપસ્વી વિનોબાએ અહીં જીવનનું એક મહાન સત્ય સાદા શબ્દોમાં મૂકી દીધું છે. સમાજની તમામ સમસ્યાઓનું મૂળ ક્યાં છે એ દર્શાવી આપ્યું છે. જીવનની મુખ્ય બાબતોમાં એકસરખો સામાજિક ન્યાય પ્રવર્તવો જોઈએ. કામ એ પણ જીવનની એક મૂળભૂત વૃત્તિ છે. તેમાં પણ સમાનતાનો આદર્શ સમાજ સમક્ષ હોવો જોઈએ. એ વિચાર વિનોબાજીએ આટલા સ્પષ્ટ શબ્દોમાં મૂકીને એક મહાન સત્યનું સમર્થન કર્યું છે.

આમ સામાજિક દૃષ્ટિએ કે આદર્શની દૃષ્ટિએ એકપતિવ્રત અને એકપત્નીવ્રત એ જ ન્યાયયુક્ત લાગે છે.

લગ્નને અખંડ ને એકનિષ્ઠ પ્રેમની ઉપાસના સમજવાની છે. અલબત્ત એનો અર્થ એ નથી કે બે વ્યક્તિઓ બહારના જગત સાથેનો વહેવાર કાપી નાખીને, માનવફરજો ભૂલીને એકબીજા સાથે જ વહેવાર કરે. લગ્નના આદર્શને, લગ્નની ભાવનાને આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણના અંતિમ ધ્યેય સાથે સુસંગત સમજવાં જોઈએ.

શિવ પાર્વતીનો વિવાહ આદર્શ વિવાહ ગણાય છે. પાર્વતી જેવો વિવાહ જેને કરવો હોય એણે તો શિવજી જેવા નિર્વિકારનું ચિંતવન કરવું જોઈએ. એવી રેખા ફક્ત પાર્વતીના હાથમાં જ હતી એમ નથી, સ્ત્રીના હાથની અંદર એ રેખા છે જ.

- *ગાંધીજી.*

સત્કાર્યો અને સજ્જનોનો સહવાસ શોધજો. ઓછી જરૂરિયાતો જ જીવનમાં શાંતિ આપે છે.

- **રવિશંકર મહારાજ**

સ્ત્રી આનંદથી દીપે તો આખું કુળ દીપે. સ્ત્રી આનંદથી ન દીપે તો આખું કુળ ઝાંખું પડી જાય.

- **મનુસ્મૃતિ.**

દૈહિક નથી પણ લગ્ન તો આત્મા તણી છે એકતા,
હોય શરીર જુદાં છતાં પણ હૃદય મહીં અભિન્નતા,
'હું' 'હું' નથી. 'તું' 'તું' નથી, અદ્વૈતતા બસ ભાસતી,
સંસારની પ્રેમાળતા, પ્રભુની પ્રસાદી ત્યાં લાગતી,
સંસાર સુંદર લાગતો, આનંદમાં જ દિવસો વિતે,
'ધન્યો ગૃહસ્થાશ્રમ' બને પ્રભુની અમીદૃષ્ટિ વડે.

**-પ્રા. હરિભાઈ કોઠારી**

*ઘસાવાથી દામ્પત્યજીવન ઊજળું બને છે.*

# 'ઘર એજ તપોવન'

**-પૂ. ડોંગરેજી મહારાજ**

ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્ની રોજ સત્સંગ કરે, એકાંતમાં બેસી પવિત્ર ગ્રંથોનું વાંચન કરે, પ્રભુસ્મરણ કીર્તન કરે તો યોગીઓને સમાધિમાં મળે છે તે આનંદ ગૃહસ્થને ઘરમાં મળી શકે છે. ઘરમાં રહીને જો પવિત્ર અને સદાચારી જીવન ગાળવામાં આવે તો પણ ભગવાન મળે છે.

જેણે વિકારો જીત્યા છે, ઈન્દ્રિયો પર પૂર્ણ કાબૂ મેળવ્યો છે, જે સંયમથી રહે છે, સઘળા વ્યવહાર નિર્દોષપણે કરે છે, તેનું જ ઘર તપોવન બને છે.

શરીર એ રથ છે. આત્મા રથનો માલિક છે. બુદ્ધિ સારથિ છે. ઈન્દ્રિયો એ ઘોડા છે. મન એ લગામ છે. સંસારના સુંદર વિષયો પાછળ આ ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ દોડે છે. આ ઘોડાઓને કાબૂમાં રાખે તેનો શરીરરૂપી રથ સીધો ચાલે છે.

(અ) પતિ-પત્નીનો સંબંધ પવિત્ર, ધર્મના આચરણ માટે છે. નાવિક અને નાવડી બન્ને હોય તો સાગર પાર કરી શકાય. સ્ત્રી નાવડી છે, પુરુષ નાવિક છે. પુરુષમાં વિવેક હોય છે, સ્ત્રીમાં સ્નેહ વિશેષ હોય છે. વિવેક અને સ્નેહ ભેગાં મળે તો ભક્તિ પ્રગટ થાય છે. નંદ-યશોદા, દશરથ-કૌશલ્યાજી જેવો ગૃહસ્થાશ્રમ હોય તો આજે પણ પરમાત્મા પ્રગટ થાય.

(બ) જે સ્ત્રી સાથે, જે પુરુષ સાથે દેવ, બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીમાં લગ્ન થયું હોય તે જ સ્ત્રીમાં, તે જ પુરુષમાં કામભાવ રાખી, ધર્મની મર્યાદામાં રહીને જે કામસુખ ભોગવે છે, અને અન્ય સર્વ સ્ત્રી-પુરુષોને નિષ્કામભાવથી, સીતારામજીની ભાવનાથી, ભગવદ્ ભાવથી જુએ છે તે ગૃહસ્થ હોવા છતાં સાધુ છે, બ્રહ્મચારી છે. લગ્ન એ કામનો વિનાશ કરવા માટે છે, વિલાસ કરવા માટે નથી. લગ્ન ધાર્મિક સંસ્કાર છે, સ્ત્રી એ કામપત્ની નથી, ધર્મપત્ની છે.

*પ્રેમ એ દામ્પત્યજીવનનો આધારસ્તંભ છે.*

(ક) લગ્ન એ મનને પવિત્ર રાખવા માટે છે, કામનો વિનાશ કરવા માટે છે. આપણા શાસ્ત્રોમાં સ્ત્રીને ધર્મપત્ની કહી છે. સ્ત્રી એ કામ પત્ની નથી. સ્ત્રી એ ધર્મપત્ની છે. સ્ત્રી-પુરુષનો પતિ-પત્નીનો સંબંધ ધર્મને માટે છે. પરમાત્માને માટે છે. લગ્ન એ મનને બગાડવા માટે નથી. લગ્ન એ સ્વેચ્છાચારી કે વિલાસી જીવન ગાળવા માટે નથી. લગ્ન તો કામને સંકુચિત કરી, ધર્મની મર્યાદામાં રહીને કામસુખ ભોગવી કામનો વિનાશ કરવા માટે છે.

જગતની રક્ષા કરવી તથા ધર્માચરણ કરવું એ જ દંપતીપ્રીતિનો ઉદ્દેશ છે.

સ્ત્રી અને પુરુષ સાંસારિક વ્યવહાર ચલાવે એ માટે વિવાહપ્રથાની સમાજને જરૂર જણાય છે.

**- *શ્રી બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય***

લગ્ન એ સંસ્કાર છે. એમાં પ્રેમ, પવિત્રતા અને ત્યાગનું પ્રાધાન્ય છે. 'હું એને સુખી કરીશ' આવી પરસ્પરની ભાવના લગ્નમાં મહત્ત્વની હોય છે.

લગ્નજીવનમાં વાણી, વિચાર અને વર્તન એક જ રાખજો. લગ્નજીવનમાં સુખ માટે બહાર ફાંફાં ન મારતાં અંદર શોધજો અને આવતી આપત્તિ ટાળવા નૈતિક દૃષ્ટિએ પુરુષાર્થ કરજો.

**- રવિશંકર મહારાજ**

પતિ-પત્નીનાં હૃદયની સદ્ભાવનામાંથી સંસારનું સ્વર્ગ પ્રગટે છે.

**- *બબલભાઈ મહેતા***

***નાની બાબતોમાં સમાધાનવૃત્તિ કેળવીને દામ્પત્યજીવનની મધુરતા જાળવજો.***

# 'લગ્નજીવનમાં એકમેકને જીતવાનો માર્ગ'

પતિને પ્રેમ કરો, તેનું સ્વમાન સાચવો, ગૃહસ્થની શોભા વધારો, તેને ઉત્સાહ ને હૂંફ આપ્યા કરો. પતિની ઉન્નતિ માટેની ઈચ્છા, ને એ માટેના એના પુરુષાર્થને બળ આપ્યા કરો.

પતિ વિષે હંમેશાં ઊંચો અભિપ્રાય રાખો - પતિ એ અભિપ્રાયને આંબી જવા હમેશાં તત્પર રહેશે. એનાં વચનોમાં વિશ્વાસ દર્શાવો - હમેશાં એ વચન પાળવા એ તત્પર રહેશે. એની ઈચ્છાને માન આપો. તમારી ઈચ્છા શી છે તે જાણવા એ વધુ આતુર રહેશે. એની ભૂલોને આગળ ન કરો, તેના ગુણોને આગળ કરો.

જીવનના તમામ નિર્ણયોમાં, કાર્યોમાં અને પરિણામોમાં એક સરખી ભાગીદારી નોંધાવવા બન્ને સાથીઓ તત્પર રહે તો સાચા લગ્નસુખનો અનુભવ થયા વિના રહેતો નથી. આખરે તો જીવનસુખ પણ શું છે? સંસારની વિશાળ યોજનામાં વ્યક્તિગત ભાગીદારી જ ને? સમભાવ, સહાનુભૂતિ, સહજીવન, સમાનતા-ભાગીદારીની ઉત્તમ ભાવના જ એમાં નથી?

ગૃહજીવનની આર્થિક બાબતોમાં, બાળકોના ઉછેરમાં, સામાજિક જવાબદારીઓના વહનમાં-બધે જ પ્રેમપૂર્વકની આનંદદાયક ભાગીદારી આપો અને ઈચ્છો. ભાગીદારી અને સહકાર સફળ લગ્નના આ બે મંત્રો છે.

યાદ રાખજો કે લગ્નમાં પણ એક હાથે તાળી પડતી નથી, લગ્નસુખ એકબીજાના સંપૂર્ણ સાથ-સહકાર વિના મળતું નથી, તેમ લગ્ન દુઃખ પણ બન્નેના ઓછાવત્તા દોષોનું જ પરિણામ હોય છે.

* લગ્નસુખમાં તમારી પાસે હૃદયની સંપત્તિ જોઈશે. ઈશ્વરે સૌને હૃદયની સંપત્તિ તો આપી જ છે. એનાથી તમે અજાણ રહેશો નહિ. હૃદયનો ખજાનો ખોલીને જોશો તો તમને તેમાં ઘણી કિંમતી વસ્તુઓ સાંપડશે. લગ્નસુખ સિદ્ધ કરવા માટે એ જોઈએ.

***'હું એને સુખી કરીશ' આવી પરસ્પરની ભાવના લગ્નમાં મહત્ત્વની હોય છે.***

* તમે પરસ્પર ચાહજો ખરાં, પણ તમારા પ્રેમને બેડી બનવા ન દેશો. બને તો તમારા બેઉના આત્મારૂપી કાંઠાની વચ્ચે ઘૂઘવતા સાગર જેવો જ રાખજો.

* લગ્ન એક સાધના છે, સમસ્યા નથી. એ વિકાર ઉફાળો પણ નથી. કવિ ન્હાનાલાલે કહ્યું છે :

આત્માને ઓળખે તે વર, બીજા બધા પર.
નરનારીનો રસયોગ તે સ્નેહલગ્ન.
આત્મા આત્માની રસપ્રતિષ્ઠા તે લગ્ન.
પ્રેમભાવનાનાં રસગૂંથણ તે લગ્ન.
પતિ માટે પત્નીવ્રતની ને પત્ની માટે પતિવ્રતની
પુણ્ય પ્રતિજ્ઞા તે લગ્ન.

આવાં દંપતી ધારે તો પૃથ્વી ઉપર જ સ્વર્ગ ઉતારી શકે છે....
કારણ, મન ઉપર જ સુખ-દુઃખનો આધાર છે.

* લગ્ન પોતે જ સહકારાત્મક પ્રવૃત્તિ છે. તેથી સ્વાભાવિક રીતે જીવનસાથી તરીકે જોડાયેલી. વ્યક્તિઓએ દાંપત્ય સંબંધોમાં ને વ્યવહારોમાં સ્વકેન્દ્રીય ને સ્વાર્થી બનવાને બદલે કુટુંબકેન્દ્રિયતા વિકસાવવી જોઈએ.
બંનેએ અધિકારો અને હક્કોને બદલે ફરજો અને જવાબદારીઓની ભાષા અપનાવવી જોઈએ.
'હું' અને 'મારું' ને બદલે 'આપણું', 'આપણે'ના દૃષ્ટિકોણ અપનાવવા જોઈએ.
બંનેએ સાથે બેસીને પરસ્પર વિચારોની આપ-લે કરીને, ભાવિ કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

* આત્મબલિદાન પર આધાર રાખનારનો સાચો પ્રેમ તો જિંદગીભર સ્થિર પગલે આગળ જ વધતો જાય છે. એમાં ભરતી-ઓટ નથી, પણ વૃક્ષની જેમ આકાશ ભણી વિસ્તરવાની સતત વૃત્તિ છે. પ્રેમની કસોટી બલિદાન વડે જ થઈ શકે ને તે પણ શબ્દોમાં જ નહિ, વાસ્તવિકતામાં.

***લગ્નજીવનમાં વાણી, વિચાર અને વર્તન એક જ રાખજો.***



* જીવનને ઉન્નત, મહાન ને સુવાસિત બનાવવાનો સંકલ્પ કરજો, ને એની સિદ્ધિ માટે સજાગ રહીને પ્રયત્ન કરજો.
સંકલ્પ જ્યારે મહાસંકલ્પ બને છે. ત્યારે બ્રહ્માંડને પણ ચાકે ચઢાવે છે.
સંકલ્પ તો સિદ્ધિનાં દ્વાર ઉઘાડે છે. એને દરિયો ડૂબાવતો નથી, અગ્નિ પ્રજાળતો નથી, મારુત શોષતો નથી.
સંકલ્પ આગળ દરિયો ઝૂલતો પૂલ બને છે, અગ્નિ રોશની બને છે, ને મારુત ઝૂલો બને છે.
સંકલ્પ સાદો કરજો, વગર સાધને સિદ્ધ થાય એવો સંકલ્પ કરજો.

* તમારા પતિને તેમના વ્યાવસાયિક કામકાજમાં પૂરી સ્વતંત્રતા આપજો. તેમના સાથીઓ વિશે કે તેમના આવવાજવાના સમય વિશે ટીકા કરી ગૃહજીવનને કડવું ન બનાવશો.
તમારા ઘરને રસિક, આકર્ષક અને સુશોભિત બનાવવા માટે શક્ય તે તમામ કોશિશ કરજો.
પતિ આનંદવિભોર બની જાય એવી અવનવી વાનગી અવારનવાર પીરસતાં રહેજો. પતિને સહાયરૂપ થવા પતિના કામમાં રસ લેજો. આર્થિક ભીંસ હોય ત્યારે પણ હિંમતપૂર્વક સ્મિતભર્યા ચહેરા સાથે, પતિની ભૂલ કાઢ્યા વિના ઘર ચલાવી લેજો! તો તમારા ઉભયનો પ્રેમ ઉત્તરોત્તર વધતો જશે.

* વાસ્તવિકતાના સ્વીકાર પર રચાયેલું દાંપત્યજીવન જ સફળ બની શકે છે. તમે જો તમારી ક્ષતિઓ, ઊણપો, અપૂર્ણતાઓની બાબતમાં નિખાલસ અને સજાગ હશો, તો દાંપત્યજીવનમાં એકબીજાની સાથે અનુકૂળ થવાનો માર્ગ શોધી વિકસાવી શકશો.

* સવારમાં ઊઠતાંવેંત બે સારાં વાક્યો બોલવાની ટેવ કેળવજો. કૈંક સુખકારક, આશાવાદીને રચનાત્મક વાત કરજો. એનાથી તમારો આખો દિવસ સુધારી નાખનારું આનંદજળ વહેવા માંડશે.
પાંચ મિનિટ વહેલાં ઊઠીને કુટુંબની સમૂહપ્રાર્થના કરજો...દિવસનો એ જ સાચો મંગલ પ્રારંભ છે.

***ગૃહસ્થાશ્રમ મનુષ્યને સાચો મનુષ્ય બનાવવા માટે છે.***

ભોજન વખતે મનોમન ઈશ્વરનો આભાર માનજો. એ વખતે કોઈ ટીકા, ચિંતા, ક્રોધ કે નિરાશાનો વિચાર કે ઉચ્ચાર ન જ કરશો.
જીવનલક્ષી, પ્રેરણાદાયી ને ઉત્સાહપ્રદ સાહિત્ય ઘરમાં રાખી ઘરના સભ્યોમાં એ વિશે રુચિને ઉત્સાહ પ્રગટાવજો. તો, તમારું ઘર સુખનો સાગર બનશે.

* દાંપત્યજીવનમાં સ્વાર્થ આવે તો પ્રેમનો પાયો જ તૂટી જાય. દાંપત્યજીવનમાં સ્વામિત્વની ભાવના જાગે તો ગૃહજીવનમાંથી રસ અને સૌંદર્ય ઝૂંટવાઈ જાય.
દાંપત્યજીવનમાં તો એકબીજાના નિરાળા અને સ્વતંત્ર વ્યક્તિત્વનું સન્માન કરવાનું હોય...એકબીજા માટે સમર્પણ કરવાનું હોય...એકબીજા પ્રત્યે નિર્મળ પ્રેમ વહાવવાનો હોય. તોજ, દાંપત્યજીવનની મધુરતા, સરસતાને સુંદરતા સચવાય.

* લગ્નજીવનનું સુખ લગ્ન કરવા માત્રથી જ આપોઆપ પ્રગટતું નથી. તે તો વ્યક્તિના જાગૃત ને વિચારપૂર્વકના સહજીવનનું પરિણામ છે. ને તે પ્રયત્નથી જ સિદ્ધ થઈ શકે છે. આ માટે પતિપત્નીએ પરસ્પર એકબીજા પ્રત્યેની જવાબદારીની ભાવના સાથે જ વર્તવું જોઈએ. એકબીજાને ઉજાસ આપતા રહેજો.

* પત્ની એટલે આત્મવિસર્જનની આભા, પવિત્રતાની પ્રતિમા. એનું જીવન ગૃહકાર્યમગ્ન હોય, ને એનું હૃદય પતિના સુખે સુખી થવામાં રાચતું હોય. જીવન વિગ્રહથી થાકેલા પતિને સ્નેહફૂલડે ઉલ્લાસિત કરવામાં જ એની કૃતકૃત્યતા હોય. પોતાના નિરાળા વ્યક્તિત્ત્વને સ્વામીમાં લુપ્ત કરી તેની છત્રછાયામાં રહેનાર સેવિકાના ગુણધર્મોનું સતી સીતા સમું પાલન એની રગેરગમાં વ્યાપ્યું હોય. આવી આદર્શ ગૃહિણી જ સંસારમાં સ્વર્ગ ઉતારી શકે.

*ગૃહિણી તે જ ખરુ ઘર છે. ગૃહિણી વિનાનું ઘર અરણ્ય જેવું મનાય છે.*



* તમારી પત્નીની વર્ષગાંઠ કે તમારી લગ્નતિથિ યાદ રાખી ઉચિત ભેટ આપતા રહેજો. તમારાં પત્નીના સદ્‌ગુણો શોધતા રહી તેની કદર કરતા રહેજો. બીજાઓની હાજરીમાં તમારાં પત્નીના દોષ કાઢી ઉતારી પાડવાની ગાંડાઈ કદી ન જ કરશો. તમારાં પત્નીના સ્વભાવને સમજીને એના થાક, ક્રોધ કે કંટાળાના સમયે મદદ કરતાં રહેજો. તો જ ગૃહજીવનનું માધુર્ય સચવાશે.

* તમારા વિશ્રામના સમયનો અડધો ભાગ તમારાં પત્ની માટે રાખજો. બીજાની સરખામણી કરીને તમારાં પત્નીને ઉતારી ન પાડશો. અદેખાઈભરી ટીકા ગૃહજીવનને દઝાડશે, માટે પ્રેમભરી પ્રશંસા કરતા રહેજો.

* પતિ-પત્નીનાં હૃદયની સદ્‌ભાવનામાંથી જ સંસારનું સ્વર્ગ પ્રગટે છે.

* કુટુંબ બંધનોથી બંધાયેલું છે, માટે જ એમાંથી પ્રેમવાત્સલ્ય નીતરે છે.

* બાળક અનુકરણ કરે છે માતા-પિતાનું વર્તન જોઈને. બાળકનું હૃદય કોમળ હોય ત્યાં સુધી જે બાજુ વાળશો તે બાજુ વળશે. બાળકોને સારા સંસ્કાર આપશો તો તેમની યુવાની બગડશે નહિ. તમારાં બાળકોને ધનનો નહિ, સારા સંસ્કારનો વારસો આપજો. સંપત્તિથી કદાચ થોડું સુખ મળશે, પણ સંસ્કારથી બહુ શાંતિ મળે છે.

* તમારું શરીર સ્વસ્થ, નિરોગી અને કાર્યક્ષમ હોજો. તમારું મન ઉદાર, પ્રફુલ્લ અને વિશાળ હોજો. તમારી બુદ્ધિ સૂક્ષ્મ, તેજસ્વી અને વિવેકી હોજો. તમારી આભા ઉન્નત, વિમલ અને વિમુક્ત હોજો.

* આપણો પ્રેમ ઘરની સર્વ વ્યક્તિઓ સાથેના સંબંધમાં દરરોજ પ્રગટાવો જોઈએ. ઘરનાં સર્વ સભ્યો પ્રત્યે મમત્વ હોય, એમની પ્રેમભરી કાળજી લેવાય, એમનાં શુભ તત્ત્વોને ઉત્તેજવાનું ભૂલી ન જવાય.....

["પ્રસન્ન દામ્પત્ય વિશેષાંક" : "સુવિચાર"માંથી સંકલિત.]

*લગ્ન પ્રાણવિકાસનું વ્રત છે, સ્વર્ગપન્થનું પગથિયું છે,*

# કન્યાવિદાય

## 'અભિજ્ઞાન શાકુન્તલમ્'

રાજા દુષ્યન્ત મૃગયાવિહાર માટે વનમાં નીકળ્યા છે. હરણ પાછળ પડેલ રાજા કણ્વઋષિના આશ્રમમાં જાય છે. ઋષિના દર્શને જાય છે, ત્યારે તેનું આતિથ્ય કરવામાં આવે છે. આતિથ્ય કરનાર બાલિકાઓમાં શકુંતલા પણ હોય છે. શકુંતલાનું લાવણ્ય અનેરું છે. રાજા દુષ્યન્ત શકુંતલાને જોઈને મોહિત થાય છે. શકુંતલા ક્ષત્રિયની કન્યા છે તેમ રાજા દુષ્યન્ત જાણી લે છે. દુષ્યન્ત ઈચ્છે છે, શકુંતલા પોતાની પત્ની થાય.

આશ્રમમાં દુષ્યન્ત - શકુંતલાનું મિલન થાય છે. બન્નેના ગાંધર્વવિધિથી લગ્ન થાય છે. શકુંતલા કણ્વાશ્રમમાં છે. રાજા દુષ્યન્ત પોતાના રાજ્ય હસ્તિનાપુરમાં પાછા ફરે છે.

દરમ્યાન કણ્વાશ્રમમાં અતિથિ તરીકે આવેલા દુર્વાસાના આતિથ્યને શકુંતલા - સખીઓ ભૂલે છે. દુર્વાસા શકુંતલાને શાપ આપે છે, "જેનું તું ચિંતન કરે છે તે તારો પ્રીતમ તને સ્મરશે નહીં." ક્રોધિત દુર્વાસાને સખી પ્રિયંવદા શાપ નિવૃત્તિના ઉપાય માટે વિનંતિ કરે છે. દુર્વાસા ઋષિ ઉપાય બતાવે છે, "શકુંતલા પોતાના પ્રીતમને ભેટ અપાયેલ વસ્તુ બતાવશે તો તેને શકુંતલાની યાદ આવી જશે." કવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલના ચોથા અંકમાં શકુંતલા વિદાયનો હૃદયદ્રાવક પ્રસંગ, મહત્ત્વનો છે.

કણ્વઋષિ દુષ્યન્ત - શકુંતલાના ગાંધર્વવિવાહને માન્ય રાખે છે. બધા શકુંતલાને એના પતિગૃહે મોકલવાની તૈયારી કરે છે. કણ્વઋષિ શકુંતલાની સાથે, ગૌતમી કે જે પ્રૌઢા તાપસી છે તેને તથા શાર્ઙ્ગરવ અને શારદ્વત નામના બે શિષ્યોને મોકલે છે. શકુંતલાને આશ્રમના બધા સ્વજનો, વૃક્ષો, પશુપક્ષીઓ વગેરે બધાં ભાવભીની વિદાય આપે છે. કણ્વઋષિ, શકુંતલા, તેની સખીઓ અનસૂયા અને પ્રિયંવદા આ પ્રસંગે વિરહદુઃખથી ગદ્‌ગદ્‌કંઠે વિદાય આપે છે.





ચોથા અંકના પ્રસંગમાં શકુંતલાની વિદાય પહેલાં તેની બે સખીઓ અનસૂયા, પ્રિયંવદા વાર્તાલાપ કરે છે. દુષ્યન્ત એના રાજ્ય હસ્તિનાપુરમાં છે. શકુંતલા આશ્રમમાં છે. અનસૂયા પોતાની સખીને કહે છે, શકુંતલાને યોગ્ય વર મળ્યો, ગાંધર્વવિવાહથી બન્ને જોડાયા તેથી હૃદયમાં સુખ છે, પણ રાજા કદાચ એના અંતઃપુરમાં ગયા પછી શકુંતલાને ભૂલી જશે તો? આ પ્રસંગે સખીને પ્રિયંવદા કહે છે તેમાં રાજાના ગુણોની વિશેષતા વ્યક્ત થાય છે. 'વિશેષ આકારવાળી વ્યક્તિઓ ગુણોની બાબતમાં વિસંવાદી ન હોય.'

સખી સાથેના વાર્તાલાપમાં ઋષિની સંમતિ વિશે અનસૂયા કહે છે, 'ગુણશાળી વરને કન્યા આપી દેવી એ તો ઋષિનો પહેલેથી જ સંકલ્પ હતો; તે સંકલ્પ દૈવ જ સિધ્ધ કરે, આ સિધ્ધ થયું, તેથી વડીલો કૃતકૃત્ય થઈ ગયા.' શકુંતલા વિદાય થવાની છે. સખી પ્રિયંવદા આ પરિસ્થિતિ સહી શકતી નથી. પ્રિયંવદા કહે છે, 'શકુંતલા પર્ણકુટી પાસે છે પણ આજે તો હૃદયથી દૂર જ છે.'

શકુંતલાના વિદાય સમયે દુર્વાસાના શાપ નિવૃત્તિ માટેના પ્રયત્નમાં પ્રિયંવદાને સફળતા મળે છે. પ્રિયંવદા દુર્વાસાને મનાવી લે છે. દુર્વાસાનો શાપ, શકુંતલાને દુષ્યન્તે આપેલી વીંટી શકુંતલાને વિદાય સમયે પહેરાવવામાં આવે છે. રાજા દુષ્યન્ત વીંટી જોતાં શકુંતલાને યાદ આવી જાય તેટલો ઉપાય વિદાયમાં સાથે છે.

વિદાય સમયે પતિના વિચારમાં ખોવાયેલી શકુંતલાને પોતાની જાતનું પણ ભાન નથી, તો પછી જે આવ્યા છે તેની તો વાત જ શી? સ્વભાવથી કોમળ શકુંતલાના રક્ષણની વાત સખીઓ કરે છે. આશ્રમથી શકુંતલાના વિદાયના સમય વિષે, વેદના વિષે કવિ કહે છે, 'પ્રિયજનના દૂર જવાથી થતાં સ્ત્રીઓનાં દુઃખો સાચે જ અત્યંત અસહ્ય હોય છે.'

આશ્રમમાં આવેલા કણ્વઋષિ શકુંતલાને છાતી સરસી ચાંપી અભિનંદે છે. સારા શિષ્યને આપેલી વિદ્યાથી જે આનંદ થાય, તેવો આનંદ ઋષિએ વ્યક્ત કર્યો. તેમજ શકુંતલાને એના વરની પાસે મોકલી આપવાની વાત કરી. શકુંતલાના વિદાય ટાણે એની પ્રિય સખીઓને બેચેની છે, છતાં સંતોષનો અનુભવ કરે છે. શકુંતલાના સુખના મનોરથ સેવે છે.

આ પ્રસંગે તાપસીઓ શકુંતલા માટે સ્વસ્તિવાચન કરે છે. શકુંતલાને આશીર્વાદ આપતાં એક તાપસી બોલે છે, 'બેટા, પતિનું બહુમાન સૂચવતા 'પટરાણી' પદને પામજે.' બીજી તાપસીના આશીર્વાદ, 'બેટા, વીર પુત્રને જન્મ આપનારી થજે.' ત્રીજી તાપસી કહે છે, 'બેટા, પતિની બહુ માનીતી થજે.' ગર્ભવતી શકુંતલાને તેની બન્ને સખીઓ કહે છે, 'તારૂં સ્નાન સુખકારક થાઓ.'

અનસૂયા, પ્રિયંવદા શકુંતલાને ભેટ આપવા બકુલની માલા, મૃગરોચત, તીર્થોની માટી, દુર્વાની કુમળી સળીઓ- મંગલ અલંકારો ભેગા કરે છે. સખીઓ દ્વારા શકુંતલાને શણગારાય છે - શિષ્યોને પ્રકૃતિનાં તત્ત્વો શકુંતલા માટે અલંકારો આપે છે તે શકુંતલાને આપવામાં આવે છે.

કણ્વઋષિના શકુંતલા વિદાય સમયના ઉદ્‌ગારો, 'આજે શકુંતલા જશે એ વિચારથી હૃદયમાં બેચેની થાય છે; ગળું અંદર આંસુઓ રોકવાથી રૂંધાય છે; ચિંતાથી દૃષ્ટિ શૂન્ય થઈ છે. મારા જેવા અરણ્યવાસીને પણ સ્નેહને કારણે જો આવી વ્યથા થતી હોય, તો, ગૃહસ્થી લોકો દીકરીના તાજા વિયોગના દુઃખથી કેવા પીડાતા હશે?'

શકુંતલાને શણગારાય છે, રેશમી વસ્ત્રો ધારણ કરાવાય છે.

શકુંતલા કણ્વઋષિને પગે લાગે છે. કણ્વઋષિ પાલિતપુત્રી શકુંતલાને આશીર્વાદ આપે છે, "શર્મિષ્ઠા જેમ યયાતિની તેમ તું, પતિની બહુ માનીતી થજે. અને શર્મિષ્ઠા જેમ પુત્ર પુરુને પામી તેમ તું સમ્રાટ થનાર પુત્રને પામજે." કણ્વ આશીર્વાદ આપે છે, 'પાપનું નિવારણ કરવાવાળા યજ્ઞના અગ્નિઓ તને પાવન કરો.' યજ્ઞનારાયણની શકુંતલા પ્રદક્ષિણા કરે છે.

કણ્વઋષિ તપોવન વૃક્ષોને પતિને ઘેર જતી શકુંતલાને રજા આપવાનું કહે છે. શકુંતલાને આ વૃક્ષો, વેલીઓ, પુષ્પો અત્યંત પ્રિય હતાં. વિદાય સમયે કોયલ પણ ટહુકે છે. કણ્વઋષિ પતિઘેર જતી શકુંતલાનો માર્ગ અનુકૂળ છાયાવાળો, પવનવાળો, કલ્યાણકારી બનજો તેમ કહે છે. વિદાય સમયે શકુંતલા તપોવન દેવીઓને વંદે છે.





શકુંતલાની વિદાયે વન, સખીઓ, તપોવન સઘળું વ્યાકુળ બને છે. હરણો, મોરો, લતાઓ બધું ખિન્ન બન્યું છે.શકુંતલાએ લતાઓ સિંચી છે, વનપશુઓ ઉછેર્યા છે, એના પ્રેમને સ્મરે છે.

બધાંની વિદાય લેતી આગળ વધતી શકુંતલાને કણ્વઋષિ કહે છે, "તારે માટે મેં પહેલેથી ઈચ્છેલા, તારે યોગ્ય પતિને તું પુણ્યથી પામી છે. તારી બાબતમાં હવે હું નિશ્ચિંત બન્યો છું." જળાશય સુધી વિદાય અપાય. સરોવરનું તીર દેખાયું. બધાં ત્યાં અટકે છે.

કણ્વઋષિનો દુષ્યન્તને સંદેશો મહત્ત્વનો છે, 'અમે સંયમને ધન માનનારા છીએ, તારું પોતાનું કુળ ઊંચું છે, તેમજ શકુંતલાનો તારા પ્રત્યેનો પ્રેમ અનન્ય છે. તું પત્નીઓમાં...તેને સમાન આદરથી જોજે. આથી વિશેષ ભાગ્યને આધીન છે.'

અરણ્યમાં રહેવા છતાં લોકવ્યવહાર જાણતા કણ્વ શકુંતલાને શિખામણના શબ્દો કહે છે, 'પતિને ઘેર જઈ વડીલોની શુશ્રૂષા કરજે, શોક્ય પ્રત્યે પ્રિય સખીઓનો ભાવ રાખજે; પતિ અપમાન કરે તો પણ ક્રોધે ભરાઈ વિરોધ ન કરીશ, નોકરો-ચાકરો પ્રત્યે માયા રાખજે. વૈભવમાં ફૂલાઈશ નહિ. આ રીતે વર્તવાથી તું ગૃહિણીપદ પામીશ.' શકુંતલા પિતાને પગે લાગી વિદાય લે છે.

કણ્વઋષિને શકુંતલા પોતે આશ્રમમાં ક્યારે પાછી આવશે તે પૂછે છે. કણ્વ પણ દુષ્યન્ત-શકુંતલા પુત્રને બધું સોંપી, ઉત્તરાવસ્થામાં તપોવનમાં આવવાનું કહે છે.શકુંતલા પિતાને પોતાને માટે ચિંતા ન કરવા કહે છે. પિતા કન્યાનો માર્ગ વિઘ્નરહીત બનવાની ભાવના વ્યક્ત કરે છે.

શકુંતલાને વિદાય કર્યા પછી, પિતા હાશ અનુભવે છે. 'શકુંતલાને પતિને ઘેર મોકલીને હવે મને સ્વાસ્થ્ય મળ્યું.' 'કન્યા પારકું ધન છે. કન્યાને એના પતિઘેર વિદાય કરીને, મારું અંતઃકરણ ખૂબ જ શાંત થયું છે.' કન્યાવિદાય સમયે સ્વજનોની આંખો અશ્રુભીની બને છે, તે જગના અનુભવને આમાં વ્યક્ત કર્યો છે. કણ્વઋષિ વિરક્ત છે છતાં કન્યાવિરહથી વ્યાકુળ બને છે એ દુર્લભદર્શન આમાં છે.

## પ્રેમતત્ત્વ

સૃષ્ટિનું ધારણ અને પોષણ જેમ પ્રેમથી થાય છે તેમ તેની ઉત્પત્તિ પણ પ્રેમથી જ થઈ છે. રસરાજ ભગવાનને લીલા કરવાની, રસ ભોગવવાની ઈચ્છા થઈ અને **ऐकोऽहं बहुष्याम्** ની વૃત્તિ ઉત્પન્ન થતાં જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. ઉત્પત્તિની જે ક્રિયા થયા કરે છે એનું કારણ પણ પ્રેમ કે રસ જ છે.

આમ પ્રેમ વિશ્વવ્યાપી છે. 'જડ' પદાર્થોમાં તે આકર્ષણના નિયમ તરીકે ઓળખાય છે, અને જીવંત પ્રાણીઓમાં તે વિષયવાસનાના અને તેના ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે ઓળખાય છે. પ્રેમ આપણને શુદ્ધ કરે છે, કેમકે પ્રિયજનને ખાતર આપણી સર્વ મનીષાઓ અને માન્યતાઓ ત્યાગ માગી લે છે.

સારાય વિશ્વમાં જે દ્વૈત છે એનું રહસ્ય પણ પ્રેમમાં રહેલું છે. સ્ત્રી-પુરુષનું દ્વૈત પણ ચેતનના અનુભવ કાજે છે. સર્જનને માટે દ્વૈત જરૂરનું છે, અનિવાર્ય છે, પુરુષ સ્ત્રી પાસેથી માત્ર સેવાનો આનંદ નથી માંગતો પરંતુ તે તો સ્ત્રીના હૃદયને પ્રેરણાથી સંતોષવા માગે છે. સ્ત્રી-પુરુષ બન્ને એકત્વને કાજે છે. પ્રેમનું તત્ત્વ જ તેમની વચ્ચેના આ એકત્વને બાંધી રાખે છે. અલબત્ત દામ્પત્યપ્રેમમાં નમ્રતા સહજ હોવી જોઈએ, અન્યથા પ્રેમનું સ્વરૂપ છીછરું થઈ જાય. સાચા પ્રેમની પરાકાષ્ઠા તો વિવાહીત જીવનની શરૂઆતમાં નથી હોતી, ત્યારે તો પ્રેમનો પ્રારંભ થાય છે અને પછી તે દિન-પ્રતિદિન વધતો જાય છે. વળી સાચો દામ્પત્ય પ્રેમ પતિ-પત્ની પૂરતો મર્યાદિત નથી રહેતો, તે તો ધીમેધીમે આખા કુટુંબ પર છવાઈ જાય છે. મન દુઃખનાં, કજિયાં, ઉગ્રતાનાં પ્રસંગો આવે ત્યારે પણ હૃદયમાં જળવાયેલો સાચો દામ્પત્ય પ્રેમ સ્વસ્થ લગ્ન સંબંધોને ટકાવી રાખે છે. દામ્પત્યજીવનમાં અભિમાન, ઈર્ષા, સ્વાર્થ અને સ્વામિત્વની ભાવના હોય તો પ્રેમ ટકે જ નહીં, કારણ કે પ્રેમનાં એ બધાં દુશ્મનો છે. લગ્નજીવનમાં પ્રેમનો ખરો ધર્મ જ ઘરની સર્વ વ્યક્તિઓ સાથેનાં સંબંધમાં ક્રિયાત્મકરૂપે પ્રગટ થવાનો છે.

***પતિ-પત્નીનાં હૃદયની સદ્‌ભાવનામાંથી જ સંસ્કારનું સ્વર્ગ પ્રકટે છે.***

## 'લગ્ન વિશે : હસતાં-હસતાં'

* લગ્નમાં કેટલું સુખ છે એનો કુંવારાઓને ખ્યાલે ય ક્યાંથી હોય? જો કે એ હકીકત સંખ્યાબંધ પરણેલાંઓ માટે પણ સાચી છે.
* લગ્નમાં ઘણી જ વ્યથા છે એ કબૂલ, પણ બ્રહ્મચર્યમાં કોઈ જ આનંદ નથી.
* પ્રેમ એ કામચલાઉ ગાંડપણ છે, જેનો એકમાત્ર ઈલાજ છે : લગ્ન.
* "આ જ સ્ત્રી મને બરોબર સમજી શકે તેવી છે" એવું પુરુષને લાગે ત્યારે તેમની વચ્ચે લગ્ન સંભવે છે. તેવું જ છૂટાછેડાની બાબતમાં પણ.
* લગ્ન એટલે બે વ્યક્તિઓનું મિલન, કે જે બંને પરસ્પરની ટેવ સુધારવા સહમત થયાં હોય.
* બધી ટ્રેજેડીનો અંત મૃત્યુથી આવે છે, અને બધી કોમેડીનો અંત લગ્નથી.
* તકરાર કરવા બે જણાંની આવશ્યકતા રહે છે...અને લગ્ન માટે પણ એટલી જ સંખ્યા જરૂરી છે.
* તમારી પોતાની નબળાઈઓની ખોજ માટે દુનિયામાં સૌથી મોંઘોદાટ રસ્તો હોય તો તે છે લગ્ન કરી લેવાનો.
* કોઈ માણસને નિર્ણય કરવામાં કદી દ્વિધા જ ન થતી હોય તો એક ઉપકારક સૂચન છે તેણે લગ્ન કરી નાખવાં.
* જ્યારે પુરુષ લગ્ન કરવાનું નક્કી કરે છે ત્યારે, જાતે જાતે નિર્ણય કરવાના એને માટે છેલ્લા જ સંજોગો હોય છે.
* કુંવારા રહેવું કે પરણવું-એમાંથી જે રસ્તો માણસે લેવો હોય તે ભલે લે, એને ચોક્કસપણે પસ્તાવો થવાનો જ છે.
* પૈસા જ ખાતર લગ્ન કરશો નહીં. તે ઉછીના લેવાનું વધારે સસ્તુ પડશે.
* પુરુષ પોતાની પત્નીને સૌથી ઊંચી મુબારકબાદી તે વેળા આપે છે, જ્યારે તે એનો લગ્ન માટે સ્વીકાર કરે છે, ને એ મુબારકબાદી સામાન્યતઃ છેલ્લી જ નીવડે છે.
* પ્રેમ એક સુંદર કથા છે; અને લગ્ન, તેનું બોલતા ચિત્રપટ સમું રૂપાંતર.
* બાળક એટલું બધું બળવાન તો હોઈ શકે નહિ, છતાંય લગ્નને સંયુક્ત રાખવામાં એ ખૂબ સબળ પુરવાર થાય છે.

[રીડર ડાયજેસ્ટમાંથી અનુવાદિત-સંકલિત]

***દૈહિક નથી પણ લગ્ન તો આત્માતણી એકતા.***